**સુવિચાર**
પરિવારની સેવા એ પ્રભુ સેવા સુધી પહોંચવાનું પ્રથમ પગથિયું છે. ઘણા વ્યક્તિ ઉંબરો મૂકી ડુંગર પૂજવા દોડી જાય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૮/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૨૦૦

## ભાજપમાં કાર્યકરો અને આગેવાનોની સંખ્યામાં તોતિંગ વધારો થયો હોય

# ભાજપમા ભડકો : પ્રદેશ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાનું રાજીનામું

**છેલ્લા ઘણા સમયથી શરૂ થયેલ પત્રિકા વિવાદને લઈને કડાકા-ભડાકા શરૂ થયાનું તારણ**

**નરેન્દ્ર મોદી અને અમિત શાહે જયારથી દિલ્હી પ્રયાણ કર્યુ ત્યારથી ગુજરાત ભાજપમાં નવાજૂની થયા કરે**

**ભાજપમાં ચાલતા ઘમાસાણ પાછળ કોણ છે તે બધા જાણે છે પણ બોલવાની કોઈ શરૂઆત કરતું નથી**

**ભાર્ગવ ભટ્ટ બાદ વધુ એક નેતાએ હોદ્દા પરથી રાજીનામું ધરી દેતા ભાજપમાં ખળભળાટ મચી ગયો**



ગાંધીનગર, તા.૫

ગુજરાતના રાજકારણના સમીકરણોમાં બદલાવનો પવન જોવા મળી રહ્યો છે. હવે ભાજપમાંથી પાટીલ જૂથના નેતાઓ ટાર્ગેટ બની રહ્યાં છે. એવામાં એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે કે, ગુજરાત ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાએ રાજીનામું આપ્યું છે. છેલ્લા ચાર પાંચ દિવસથી રાજીનામાની ચાલી રહેલી ચર્ચા વચ્ચે છેવટે સમર્થન મળ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી ભાજપ સેવક તરીકે કામ કરી રહેલા પ્રદિપસિંહ વાઘેલા હવે ટાર્ગેટ થઈ રહ્યાં છે. ગઈકાલે કમલમમાંથી વનવાસ અને પ્રતિબંધની ચાલેલી ચર્ચાઓ વચ્ચે આજે મોટો ખુલાસો એવો છે કે પ્રદેશ અધ્યક્ષની સુચનાથી સાત દિવસ પહેલા જ રાજીનામું આપી દીધુ છે. ભાર્ગવ ભટ્ટ બાદ વધુ એક અસરકારક નેતાનો ભોગ લેવાયો છે.

તેમણે એક વાતચીતમાં કહ્યું હતું કે, હું અગ્નિ પરીક્ષામાંથી બહાર આવીશ. આ ઉપરાંત તેમણે કમલમમાં પ્રવેશબંધીની વાતને નકારતા કહ્યું કે, આ પ્રકારની વાતો સદંતર ખોટી આ પ્રકારની કોઈ પ્રવેશબંધીની કોઈ વાત થયેલી નથી. કમલમમાં આજે પણ જવાનો છું અને કાલે પણ જઈશ, એ મારું બીજું ઘર છે.

સુત્રો પરથી મળતી માહિતીમાં જાણવા મળ્યું છે કે, જમીન કૌભાંડને લઈ ભાંડો ફૂટતા રાજીનામું લેવાયું છે. પાર્ટીમાં કૌભાંડની અને

અનુસંધાન પાના ૬ ઉપર

## કોંગ્રેસને એક અને અપક્ષો તમામ પરાજિત થયા

# ધારી માર્કેટયાર્ડ ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલ સામે કોંગી પ્રેરિત પેનલનો ઘોર પરાજય

**કુલ ૧૪ બેઠકમાંથી ૧૩ બેઠકો ભાજપ પ્રેરિત પેનલને મળી**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લાની ધારી માર્કેટીંગયાર્ડની ટર્મ પૂરી થતાં ગઈકાલે ચૂંટણી યોજાયેલ હતી. જે ચૂંટણી મતદાનની આજે ગણતરી થતાં માર્કેટીંગયાર્ડ ઉપર ફરી એકવાર કોંગ્રેસનો કારમો પરાજય સાથે ભાજપનો ભગવો લહેરાયેલ હતો.

પ્રાપ્ત વિગત મુજબ ધારી માર્કેટીંગ યાર્ડની ટર્મ પૂરી થતાં ગઈકાલે ખેડૂત પેનલની દસ સીટ અને વેપારી પેનલની ચાર સીટો ઉપર મતદાન થયેલ હતું. જેમાં ખેડૂત વિભાગમાં ચોવીસ ઉમેદવારોએ ઉમેદવારી

અનુસંધાન પાના ૬ ઉપર

## જાફરાબાદનાં ટીંબીથી માણસા વચ્ચેનાં માર્ગ પર બસ પલ્ટી

# સાવરકુંડલા-ઉના રૂટની લોકલ બસનાં ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાતાં ૪ મુસાફરોને ઈજા

**ઈજાગ્રસ્તોને ૧૦૮ની મદદથી ઉનાની હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયા**



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના

ઉના, તા. ૫

સલામત સવારી એસ.ટી. અમારી સુત્ર ધરાવતી અને ઉંચા ભાડા વસૂલતી એસ.ટી. બસ જાફરાબાદ તાલુકાના ટીંબી ગામ નજીક પલ્ટી ખાઈ જતાં ૪ જેટલા મુસાફરોને થઈ નાની-મોટી ઈજા થવા પામતા મુસાફરોની ચિચિયારીથી રોડ ગુંજી ઉઠયો હતો.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ સાવરકુંડલા-ઉના રૂટની એસ.ટી. બસ નંબર જી.જે. ૧૮ ઝેડ ૪૧૮૩ આજે સવારે જાફરાબાદ તાલુકાના ટીંબી ગામ નજીક ટીંબીથી એક કિ.મી. આગળ આવેલ માણસા રોડ ઉપરથી પસાર થતી હતી હતી ત્યારે કોઈ કારણોસર આ બસ રોડ સાઈડના વરસાદી પાણી ભરેલા ખાળીયામાં પલ્ટી મારી જતાં આ એસ.ટી. બસમાં મુસાફરી કરી રહેલા ૪ જેટલા મુસાફરોને થઈ નાની-મોટી ઈજા થવા પામતા મુસાફરોની ચિચિયારીથી રોડ ગુંજી ઊઠયો હતો. જયારે ઈજાગ્રસ્ત ૪ મુસાફરોને ૧૦૮ વડે ઉના દવાખાને સારવાર માટે ખસેડાયા હતાં. આ બનાવની જાણ એસ.ટી.ના અધિકારીઓને થતાં તેઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં.

## ભારતનાં પ્રતિબંધથી વૈશ્વિક બજારમાં ચોખાનો પુરવઠો ઓછો થયો

# ચોખાની કિંમત ૧૨ વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ

**ચોખાના ભાવ સૂચકાંકમાં જુલાઈનાં એક મહિનાની સરખામણીમાં ૨.૮ ટકાનો વધારો, આ ગયા વર્ષના સમાન સમયગાળા કરતાં લગભગ ૨૦ ટકા વધુ છે**

નવી દિલ્હી, તા.૫

ચોખાના ભાવમાં હાલના દિવસોમાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. ચોખાની કિંમત લગભગ ૧૨ વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ છે. મળેલા અહેવાલ અનુસાર સંયુક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (એફએઓ)એ કહ્યું- 'એફએઓના કુલ ચોખાના ભાવ સૂચકાંકમાં જુલાઈના એક મહિનાની સરખામણીમાં ૨.૮ ટકાનો વધારો થયો છે અને સરેરાશ ૧૨૯.૭ પોઈન્ટ થઈ ગયું છે. આ ગયા વર્ષના સમાન સમયગાળા કરતાં લગભગ ૨૦ ટકા વધુ છે અને સપ્ટેમ્બર ૨૦૧૧ પછી ચોખાનું ઉચ્ચતમ સ્તર છે.

ચોખાના ભાવ વધવાના ઘણા કારણો છે. આમાંથી એક ચોખાની વધી રહેલી માંગ છે. આ સિવાય ભારતે તાજેતરમાં નોન-બાસમતી ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. તેના કારણે પણ ભાવમાં વધારો થયો છે. ભારતની નિકાસ પર પ્રતિબંધના કારણે વૈશ્વિક બજારમાં ચોખાનો પુરવઠો ઓછો થયો છે. આ સાથે એક મુખ્ય કારણ કેટલાક ચોખા ઉત્પાદક દેશોમાં અનિયમિત હવામાન પરિસ્થિતિઓને કારણે ઓછી ઉપજ છે. જેના કારણે પુરવઠામાં વધુ ઘટાડો થયો છે.

વૈશ્વિક ચોખાની નિકાસમાં ભારતનો ૪૦ ટકા હિસ્સો છે. ભારતે ગયા મહિને સ્થાનિક ભાવને નિયંત્રિત કરવા માટે ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. તાજેતરના અઠવાડિયામાં ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. ભારતની ચોખાની નિકાસ પર પ્રતિબંધ મુકવાથી વૈશ્વિક બજારમાં ખાદ્યપદાર્થોના ભાવમાં અસ્થિરતા વધવાની સંભાવના છે.

ચોખાના વધતા ભાવ ઘણા દેશોમાં ખાદ્ય સુરક્ષા પર અસર કરી શકે છે. વિશ્વભરના લાખો લોકો માટે ચોખા એ મુખ્ય ખોરાક છે અને ઊંચા ભાવ

અનુસંધાન પાના ૬ ઉપર

## બાબરા નજીક આવેલ

# વાવડા ગામે ચાલું બાઈક ઉપર ગાયે શિંગડું મારી દેતા પરિણીતાનું મોત

અમરેલી, તા. ૫

જસદણ તાલુકાનાં શિવરાજપુર ગામે રહેતા રસીકભાઈ વિઠ્ઠલભાઈ મુલાણી તથા તેમનાં પત્ની સવિતાબેન ગત તા. ૨૫/૭ નાં રોજ બાઈક નં. જી.જે.-૦૩ કેએ ૭૮૩૯ લઈ ઘરે જવા નીકળ્યા હતા. ત્યારે તેઓ વાવડા ગામે પહોંચતા એક ગાય ભડકી અને મોટર સાયકલ પાસે આવતા બાઈકમાં પાછળ બેઠેલ સવિતાબેનને શીંગડું લાગી જતાં પતિ-પત્ની બાઈક ઉપરથી નીચે પડી જતાં સવિતાબેનનું તા. ૨૮/૭નાં રોજ સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

## ગૃહિણીઓનું રસોડાનું બજેટ ખોરવાઈ શકે છે

# આવક ઘટતા સપ્ટેમ્બરમાં ડુંગળીનાં ભાવ ૬૦ રૂપિયાને પાર જશે

**આવતા મહિને મંડીઓમાં ડુંગળીની આવક ઘટશે, જેથી વર્તમાન ભાવ કરતાં બમણાથી અઢી ગણો વધારો થઈ શકે**

નવી દિલ્હી, તા. ૫

મોંઘવારીના વધુ એક માર માટે તૈયાર થઈ જાઓ. ગૃહિણીઓનું રસોડાનું બજેટ વધુ એક વખત ખોરવાઈ શકે છે. સમગ્ર દેશમાં ટામેટાના ભાવ આસમાન પહોંચ્યા છે. ક્યાંક ટામેટા રૂ.૧૨૦ પ્રતિ કિલો વેચાઈ રહ્યા છે તો ક્યાંક રૂ.૨૦૦ને પાર કરી ગયા છે. જોકે કેટલીક જગ્યાએ ટામેટાંના ભાવમાં રાહત જોવા મળી છે. ત્યારે હવે ડુંગળી લોકોને રડાવશે. ડુંગળીના ભાવમાં પણ વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
સમય, સત્તા, સંપત્તિ અને શરીર કાયમ સાથ આપતા નથી, પણ સ્વભાવ, સમજદારી, સત્સંગ અને સારા સંબંધો સદા ને માટે સાથ આપે છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

ડૉ. વિવેક જોષી
ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ M.B.D.P.M. FIPS.MIAPP
મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
ડિપ્રેશન ■ ચિંતા ■ ધનુરોગ ■ વિચારવાયુ ■ વહેમ ■ શંકા ■ મરવાના વિચારો ■ સ્કીઝોફેનીયા ■ માથાનો દુઃખાવો ■ ખેંચ ■ આંચકી ■ વાઈ ■ તાણ ■ વ્યસનમુકિત ■ યાદશકિત ઓછી હોવી ■ બાળ માનસીક રોગો.
વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦
: કિલનીક સમય :
સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
જર્મન, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
નાના બાળકોમાં બહેરાશની તપાસ (OAE, BERA) તેમજ કોકલીયર ઈમ્પ્લાન્ટ ઓપરેશન વિશે સંપૂર્ણ માર્ગદર્શન મળશે.
સરકારી નોકરીયાત, પેન્શનરો અને તેના આશ્રિતોને મશીન લેવા મળતી 100% સહાયની સુવિધા ઉપલબ્ધ.
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
કાયમી સરનામું
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, જયુબીલી ધર્મશાળા પાસે, હોટલ એન્જલ નજીક, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

# સા.કુંડલા : વ્યવસાયે પ્રોફેશનલ એન્કર એવી એક યુવતિએ શહેરનાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં શિક્ષણ આપવાની કરી શરૂઆત



સાવરકુંડલા શહેરના હાથસણી રોડ ઉપર આવેલ અતી પછાત અને ઝુંપડપટ્ટીનાં બાળકોના શિક્ષણની ચિંતા કરનાર શહેરમાં રહેતી પ્રોફેશનલ એન્કર ધારાબેન ગોહિલને સ્લમ વિસ્તારના બાળકોને અભ્યાસની જરૂરિયાત હોય તેમણે છેલ્લા ૧૫ દિવસથી આ વિસ્તાર શોધી કાઢી અભ્યાસ કરાવવાની શરૂઆત કરી. ધોરણ ૧ થી ૮ નાં બાળકોને હાલ ધારાબેન અભ્યાસ કરાવી રહ્યાં છે. પાંચ સાત વિદ્યાર્થીઓથી શરૂઆત થઈ અને આજે ૪૦ વિદ્યાર્થીઓ ધારાબેન પાસે અભ્યાસ કરવા માટે આવી રહ્યાં છે. ઉપર આભ અને નીચે ધરતી એ મેદાન ફરતા દેશી બાવળ આવી વિપરીત પરિસ્થિતિમાં પણ ઉત્સાહપૂર્વક અને સ્વસ્થ રહીને દરરોજ સાંજે ૫ થી ૬:૩૦ સુધી આ બાળકોને અભ્યાસ કરાવે છે. મહત્વની વાત તો એ છે કે ધારાબેન પોતાનું સ્કૂટર લઈ અને આ વિસ્તારમાં આવે છે સાથે પોતાના ઘેરથી મોટા બે પાથરણાંઓ પણ લાવે છે અને અહીં અભ્યાસ કરવા આવતા બાળકોને વેફરનાં પેકેટ પણ લેતાં આવે છે. બાળકોને આકર્ષવાનું અને નિયમિત રીતે આવે તે માટે પોતાનાં ખર્ચે આ બધો પ્રયાસ કરે છે ત્યારે એમ કહીએ તો પણ ખોટું નહીં કે મેવા મળે કે ના મળે મારે સેવા તમારી કરવી છે. સામાન્ય રીતે પ્રોફેશનલ એન્કર અને આ રીતે તમામ વિપરીત પરિસ્થિતિમાં કામ કરવું એ અત્યારની યુવતીઓ માટે કઠિન અને અશકય જેવું હોય છે. ત્યારે અભ્યાસ કરવા આવનાર બાળકોનાં વાલીઓનો પણ એટલો સહકાર મળતો નથી. છતાં પણ ખૂબ જ ઉત્સાહથી વિપરીત પરિસ્થિતિમાં કામ કરી રહેલ ધારાબેનને અભિનંદન આપવા ઘટે. અને શહેરનાં સેવાભાવી અને પ્રબુદ્ધ નાગરિકો દ્વારા શકય એટલો સહકાર આપી મદદરૂપ બનવાનો પ્રયાસ કરવો જોઈએ.

### ભરતભાઈ બોઘરાનાં માનવતાવાદી કાર્યમાં રશ્વિનભાઈ ડોડીઆનો સહયોગ


# બગસરા શરાફી મંડળી દ્વારા આટકોટની કે.ડી. પરવાડીયા હોસ્પિટલમાં અનુદાન અપાયું

## રૂપિયા ૧.૧૧ લાખ જેવી માતબર રકમ અર્પણ

બગસરા, તા. ૫

સમગ્ર સૌરાષ્ટ્રભરનાં લોકોને આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે સેવાનો લાભ શ્રી પટેલ સેવા સમાજ આટકોટ સંચાલિત માતૃશ્રી કે.ડી. પરવાડીયા મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ આપી રહી છે. આ સુવિધા સભર હોસ્પિટલનું ઉદ્દ્ઘાન દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં વરદ્ હસ્તે કરવામાં આવલ છે અને જેમનું સંચાલન પ્રદેશ ભા.જ.પ.નાં ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા કરી રહ્યાં છે અને હાલમાં જ ગુજરાત રાજયનાં સંવેદનશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા હોસ્પિટલમાં જરૂરિયાત મુજબ હૃદયરોગનાં જાપાનીઝ ટેક્નોલોજી રૂા.૮ કરોડનાં ખર્ચે મુકેલ તેવી આ હોસ્પિટલ સૌરાષ્ટ્રનાં લોકો માટે આશિર્વાદરૂપ બની રહી છે. અને





ખાસ કરીને અમરેલી જિલ્લાની પ્રજાને લાગે વળગે છે.

તેમાં જે રોગી ગ્રસ્ત લોકોને અમદાવાદ કે રાજકોટ જવાનું ફરજીયાત થતું તેનાં બદલે હવે આટકોટ મુકામે નિઃશુલ્ક ઉપચાર, સરકારી યોજનાનો લાભ અને સામાન્ય ફીમાં સર્જરીઓ સહિતનાં લાભો લોકો મેળવી રહ્યાં છે. ત્યારે સમાજનાં અસંખ્ય લોકોને ઉત્તમ આરોગ્યલક્ષી સેવાઓ મળી રહી છે. અને અનેક પ્રોજેકટો માટે કામ શરૂ હોય જેમાં યથાશકિતરૂપે સહયોગી બની બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી. દ્વારા રૂા. ૧૧૧૦૦૦/- (એક લાખ અગીયાર હજાર)નું અનુદાન મંડળીનાં સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆ દ્વારા આ હોસ્પિટલને આપવામાં આવે છે.

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમ ખાતે ગાયત્રી યજ્ઞ યોજાયો





અમરેલી, તા. ૫

સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધારનો આધાર'. સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા પ્રેરણા-સ્ત્રોત મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર બની રહેલા ''તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય'' થાય ત્યાં સુધી દર રવિવારે ''ગાયત્રી યજ્ઞ'' કરવામાં આવે છે. તેમાં આજ રોજ અમરેલી નગરપાલિકા ઉપપ્રમુખ શ્રીમતિ રમાબેન નરેશભાઈ મહેતાનાં સહ પરિવારને યજ્ઞમાં બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરી. ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલીનાં પરિજનો રશ્મિનભાઈ વ્યાસે ગાયત્રી યજ્ઞ કરાવ્યો. આ તકે મનોજભાઈ કાબરીયા તથા ભાવેશભાઈ કાબરીયા ઉપસ્થિત રહ્યા. સારહી પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.


### પાલિકાના શાસકો સમસ્યાનું નિરાકરણ કરે

# દામનગરના વૈજનાથ નગરમાં દુર્ગંધ યુક્ત પાણી વિતરણ થતાં રોગચાળાનો માહોલ

## સ્થાનિક નગરસેવકની નિષ્ક્રીયતા સામે નારાજગી

દામનગર, તા.૫

વૈજનાથ નગરમાં દુર્ગંધયુક્ત પાણીના વિતરણથી ઉલ્ટી, તાવ અને માથાના દુખાવાનો ભોગ બનતા રહીશો. ફરિયાદ છતાં નિરાકરણ દામનગર નગરપાલિકાના સત્તાધીશોની અણઆવડત અને લાપરવાહીના કારણે ગાયત્રી મંદિરની સામે આવેલ વૈજનાથ નગરમાં છેલ્લા વિશેક દિવસથી નગરપાલિકા દ્વારા વિતરણ કરવામાં આવતું પાણી દુર્ગંધયુક્ત આવતું હોય રહીશ પિયુષભાઈ છાટબારે ફરિયાદ લખાવી હોવા છતાં પ્રમુખ, સભ્યો કે જવાબદાર અધિકારીએ ધ્યાન આપ્યું નથી અને આ વિસ્તારની મુલાકાત લીધી નથી.!! આવું



દુર્ગંધયુક્ત પાણી નથી પી શકાતું કે નથી રસોઈમાં ઉપયોગ થઈ શકતો. આ વિસ્તારના બહેનોએ ઉગ્ર રોષ સાથે જણાવ્યું હતું કે આ વોર્ડના સભ્યો ચૂંટાયા પછી કયારેય દોકાણા નથી.તાકીદે જે કાંઈ ફોલ્ટ હોય તે શોધીને ચોખ્ખા પાણીનું વિતરણ કરવામાં આવે એવું જણાવ્યું હતું.

### આંબુડુ જાંબુડુ કેરીને કોઠીમડુ જાતા નાહ્યા યમુનાજી આવતાં નેહ્યા યમુના જી

# વડિયા : અવનવા રાસ ગરબા સાથે મહિલાઓ પુરૂષોત્તમ માસની ઉજવણી કરી રહી છે

વડિયા, તા. ૫

વડિયા બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે અધિક શ્રાવણ માસ દરમિયાન ગોપીઓ દ્વારા ગોરમાંનું પુજન કરતા હોય ભકિત ભાવ સાથે મહિલાઓ દ્વારા અલગ અલગ પ્રકારનાં નૃત્યો અને છાસ વલોણું જેવા કાલાવાલા કરી પરસોત્તમ ભગવાનની પૂજા, અર્ચના કરવામાં આવી રહી છે. ત્યારે મોટી સંખ્યામાં મહિલાઓ એકઠી થઈને ગોરમાનું પણ પૂજન અર્ચન કરીને અધિક શ્રાવણ માસ નિમિત્તે ભકિતભાવ સાથે રંગાઈ જાય છે.



# ગાધકડા ખાતે પુરૂષોત્તમ માસની આસ્થાભેર ઉજવણી કરાઈ



સાવરકુંડલા. તા. ૫

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામ આવેલ કલ્યાણપરા વિસ્તારમાં પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે ગોપીઓ દ્વારા પુરૂષોત્તમ ભગવાનની પૂજા આરાધના તેમજ આરતી ખૂબ ભકિતભાવથી કરતા દ્રશ્યમાન નજરે પડે છે. ખૂબ જ હર્ષ ઉલ્લાસ સાથે આ પવિત્ર પુરૂષોત્તમ માસની ઉજવણી કરવામાં આવી રહી છે એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### કોંગી અગ્રણીએ કૃષિ મંત્રીને પત્ર પાઠવ્યો

# વડિયા વિસ્તારનાં ખેડૂતોને વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ નો બાકી પાકવીમો ચુકવો

## ખાનગી વીમા કંપનીની કચેરીને તાળા લાગ્યા

વડિયા, તા. ૫

વડિયા ઔદ્યોગિક વિકાસ શૂન્ય હોવાથી આ વિસ્તારના લોકો મોટા ભાગે ખેતી ઉપર નિર્ભર છે. ત્યારે વડીયાના ગ્રામીણ વિસ્તારના લોકોની જીવાદોરી સામાન ખેતીમાં પાકને નુકશાનીથી રક્ષણ આપવા માટે સરકાર દ્વારા પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના ખાનગી વીમા કંપનીઓ સાથે સંકલન કરી આ યોજના શરૂ કરવામાં આવી હતી. ત્યારે ૨૦૧૮ થી ૨૦૨૦માં વડિયા અને તેના ગ્રામીણ વિસ્તારના ખેડૂતોને ભારે વરસાદથી પાક નિષ્ફળ ગયો હતો અને આ



બાબતનો સર્વે પણ કરવામાં આવેલ હતો. અને તે સમયે ખેડૂતોએ ભરવાનું વીમા પ્રીમિયમ પણ ભર્યુ હતુ પરંતુ એ સર્વેના પોટલા અભેરાઈએ ચડી ગયા હોય તેમ આજ દિવસ સુધી આ વિસ્તારના ખેડૂતોને પાક વીમાની રકમ મળી નથી. ત્યારે અમરેલી જિલ્લા યૂથ કોંગ્રેસના મહામંત્રી એવા જુનેદ ડોડીયા દ્વારા રાજયના કૃષિ મંત્રી રાઘવજી પટેલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, જિલ્લા કલેકટર અને સ્થાનિક મામલતદારને પત્ર લખીને ખેડૂતોને ખેડૂતોને થયેલ નુકશાનીથી મળવા પાત્ર વિમાની ટકાવારી ને રકમ જાહેર કરી વહેલી તકે ચૂકવવા માંગણિ કરાય છે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ.ગજેરા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા 'ગિફ્ટ ઓફ હેપીનેસ' સેવાકીય પ્રેરણાદાયી આયોજન



આજરોજ અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા એક સુંદર સેવાકીય કાર્ય ગિફ્ટ ઓફ હેપીનેસનું આયોજન કરવામાં આવ્યું.ગીફ્ટ ઓફ હેપીનેસમાં વિદ્યાર્થીઓ દ્વારા તેઓને ઉપયોગ ન હોય તે ચીજ વસ્તુઓ જરૂરિયાતમંદ બાળકોને આપી ખુશી આપવાનો પ્રેરણાદાય કાર્ય થયું.વિદ્યાર્થીઓમાં બાળપણથી જ સેવાકીય કાર્ય કરી જરૂરિયાત મંદોને મદદ કરવાની ભાવના શાળામાં જ ઉજાગર કરવાનો પ્રયાસ એટલે ગિફ્ટ ઓફ હેપીનેસ.શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આજરોજ અભ્યાસને લગતી ચીજો વસ્તુઓ તેમજ કપડા, સ્વેટર, બેગ, વોટર બોટલ તેમજ ઘર વપરાશની વસ્તુઓ વગેરે જાતે જ જરૂરિયાતમંદ બાળકોને આપતા આપનાર અને મદદ મેળવનાર બંને બાળકોના ચહેરા ઉપર સ્મિત છવાયા હતા વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ દ્વારા સમયે એવો નિર્ધાર કર્યો કે જરૂરિયાત મંદોને મદદરૂપ થઈ સેવાકીય કાર્યો જીવનમાં કરતા રહેવા અને ખુશીઓ આપતી રહેવી. ગિફ્ટ ઓફ હેપીનેસ સમગ્ર વર્ષ દરમિયાન ઉજવવામાં આવશે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા સેવાકીય કાર્યોમાં હંમેશા આગળ હોય છે, ત્યારે આવા સેવાકીય કાર્ય કરવા માટે સ્ટાફ અને સ્ટુડન્ટ થકી આ કાર્ય થતું જોઈ તમામ સ્ટાફ અને સ્ટુડન્ટને પાઠવ્યા હતા અને જીવનમાં તમામને મદદરૂપ થવા પ્રોત્સાહન આપ્યું હતું આ સેવાકીય કાર્યમાં મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી, ડાયરેકટ વસંતભાઈ પેથાણી, સુપરવાઈઝર, પ્રિન્સિપાલ, ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફ ઊપસ્થિત રહી પ્રોત્ચાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા દ્વારા કરવામાં આવેલ હતું.

# ચલાલા : ગાયત્રી પરિવારની હરિબા મહિલા કોલેજની દીકરીઓ નેશનલ લેવલે ચમકી




તાજેતરમાં યોજાયેલ નેશનલ રમોત્સવમાં બાસ્કેટબોલમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેવી એક નવી સિદ્ધિ હાંસલ કરી હતી. મેડલ લઈને આવેલ દીકરીઓનું સંસ્થાનાં વડા પૂ. રતિદાદાએ સ્વાગત સન્માન કર્યું હતું. તેમજ આપણા વિસ્તારમાં સ્પોર્ટસ કોલેજ ધીરે ધીરે ઉચ્ચતાનાં શિખરો સર કરે તે માટે કેમ્પસ ડાયરેકટર મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા, સ્પોર્ટ પ્રોફેસર ડો. કાર્તિકભાઈ જોશી, ગોપાલભાઈ મકવાણા તથા માનસીબેન સોજીત્રા સહિત સમગ્ર સ્ટાફગણ ખુબજ મહેનત કરી રહ્યાં છે.

## રાજુલા : શ્રેષ્ઠ કામગીરી બદલ આરોગ્ય કર્મીઓને સન્માનિત કરાયા

રાજુલા, તા. ૫

અમરેલી આરોગ્ય વિભાગ દ્વારા વિ વસ્તી દિવસ અન્વયે સેવા, સન્માન અને ગૌરવ કાર્યક્રમમાં આરોગ્યના વિવિધ પ્રોગ્રામમાં કે પ્રવૃત્તિઓમા બેસ્ટ કામગીરી કરનાર આરોગ્ય સ્ટાફનુ મોમેન્ટો આપી સન્માન કરાયુ હતુ. જેમાં રાજુલા તાલુકાના ૫ આરોગ્ય કર્મચારીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરાતા તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા સહિતની સમગ્ર હેલ્થ ટીમ દ્વારા કરાતી કામગીરીની નોંધ લેવાઈ હતી.



વર્ષ ૨૦૨૨ માં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજુલા આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સંજયભાઈ દવે દ્વારા ઉત્તમ સપોર્ટિવ સુપરવિઝન સાથે મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુન્યા જેવા રોગોમા ૨૦૨૨ ની સાપેક્ષમાં ઘટાડા બદલ સમગ્ર અમરેલી જીલ્લામા ઉત્કુષ્ટ કામગીરી કરાઈ હતી. જયારે કોમ્યુનિટી હેલ્થ ઓફિસર વિપુલકુમાર કલસરીયા દ્વારા એચડબલ્યુસી ખાતે ઉત્કુષ્ટ કામગીરી બદલ જીલ્લામા બીજો નંબર મેળવેલ તેમજ નર્સ બહેન મીનાબેન એ. ચૌહાણ દ્વારા આકડીમાં ૧૭૨ ની ઉત્કુષ્ટ કામગીરી બદલ જીલ્લામાં બીજો નંબર મેળવેલ તેમજ સરસ્વતીબેન ધૂંધરવા દ્વારા આશા ફેસિલિટેટર તરીકે સમગ્ર અમરેલી જીલ્લામાં ઉત્કુષ્ટ કામગીરી કરાઈ હતી અને આશા અમરતબેન મેર દ્વારા રાજુલા તાલુકામાં ઉત્કુષ્ટ કામગીરી કરવા બદલ તમામને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા.

શ્રેષ્ઠ આરોગ્ય સેવા આપવાથી લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરી શકાશે તેવુ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. રશ્મિકાંત જોષી દ્વારા જણાવી સમગ્ર ટીમને સારી કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ લોકોને આરોગ્ય સેવાઓ સરળતાથી મળી રહે તે માટે એક ટીમ વર્કથી ઉત્સાહપૂર્વક કામ કરવા અને આ કાર્યક્રમ થકી અન્ય આરોગ્ય સ્ટાફને પણ કામ કરવાની પ્રેરણા મળશે તેવુ આર.સી.એચ.ઓ. ડો. એ.એસ. સાલવી દ્વારા જણાવેલ.

આ કાર્યક્રમમા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી, આરસીએચઓ ડો. એ.એસ. સાલવી, ઈએમઓ ડો. એ.કે. સિંઘ, કવોલિટી એમઓ ડો. આર.કે. જાટ, ડિટીઓ ડો. કુરેશી, તાલુકા હેલ્થ ઓફિસરો, મેડિકલ ઓફિસરો તેમજ આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

## સાવરકુંડલાનાં થોરડી ગામે ઉત્સાહભેર ત્રિવિધ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા તાલુકાનાં થોરડી ગામે ધારાસભ્ય મહેશભાઈ મોટી સંખ્યામાં મહિલાઓ અને સમસ્ત ગ્રામજનો તેમજ આસપાસનાં ગામો અને થોરડી ગામનાં વતનીઓ કે જે બહારગામ રહે છે. તે તમામ લોકો ઉપસ્થિત રહ્યાં હતા અને મહેશભાઈને વધાવી સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમમાં સાંસદ નારણભાઈ કાછડીયા બાંધકામ સમિતિનાં ચેરમેન પુનાભાઈ ગજેરા શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાત સહિતનાં રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં તમામનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને એક સભાને સંબોધવામાં આવી હતી. ત્યારબાદ થોરડીનાં વતની ડોકટર પ્રકાશભાઈ બરવાળીયાની હોસ્પિટલનું ઉદ્‌ઘાટન મહેશભાઈ કસવાળા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશને જેની નોંધ લેવી પડે એ રીતે આ ઉદ્‌ઘાટન કોઈ રીબીન કાપીને નથી કરાયું કે કોઈ શ્રીફળ વધેરીને કે પૂજા કરીને નથી કરાયું. પરંતુ રાષ્ટ્ર્ધ્વજ ફરકાવ્યો, રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું અને લોકાર્પણ કરાયું. આ એક અલગ અને અનોખી ઉદ્‌ઘાટન પદ્ધતિને ધારાસભ્ય કસવાળા તેમજ મહાનુભાવોએ ડોકટર બરવાળીયાને અભિનંદન આપી તેમની રાષ્ટ્રભાવના અને ગામ પ્રત્યેની લાગણી સ્પષ્ટ દેખાય આવે છે. થોરડી ગામમાં ઘણાં સમયથી પાણીનો પ્રશ્ન હતો. ત્યારે થોરડીની આસપાસ આવેલ કવોરીની મોટી ખાણો અને એક અદ્યતન ઓશો સરોવર બનાવીને હમ વતની ડોકટર પ્રકાશ બરવાળીયાએ ૧૫ જેટલા આસપાસ ચેકડેમો બનાવ્યા હતા. જેનાં નવા નિર્માણનાં વધામણા શાસ્ત્રોકત રીતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ડોકટર બરવાળીયા અને અગ્રણીઓ દ્વારા કરાયા હતાં. આમ થોરડીનાં નવસર્જન ગૃપ દ્વારા આ ૨૩ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા અને સમગ્ર ગુજરાતનાં અહીં યોજાયેલા તેવા કાર્યક્રમની નોંધ લેવી પડે અને અનુકરણ કરવું પડે તે પ્રકારનાં કાર્યક્રમોને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને સાંસદ નારણભાઈ કાછડીયાએ અભિનંદન આપ્યાં હતાં.

### પોતાના માસૂમ ફૂલને દવાખાને લઈ જતાં પહેલા કાળજી રાખો


## સાબરકાંઠા જિલ્લામાં ડિગ્રી વગરનાં ડોકટરે ઈન્જેકશન મારતા બાળકનું મોત

### ઉઘાડપગા તબીબો સામે કડક કાર્યવાહી જરૂરી

(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૫

સાબરકાંઠામાં બોગસ અને ડિગ્રી વગરના ડોકટરથી કરૂણ બાળકનું મૃત્યુ થયું છે. ૨ વર્ષના બાળકને બોગસ ડોકટરે ઈન્જેકશન આપતા બાળકની અચાનક તબિયત ખરાબ થઈ હતી અને જેના કારણે તેનુ મોત થયું છે. આપને જણાવી દઈએ કે, આ ઘટના પોશીના તાલુકાના કોટડા ગઢીની છે.




સાબરકાંઠામાં પોશીના તાલુકાના કોટડા ગઢીમાં બોગસ તબીબના કારણે ૨ વર્ષના બાળકનું મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. સમગ્ર બાબતને લઈ પરિવારે ડોકટરની ડિગ્રી બાબતે તપાસ કરતા ખુલાસો થયો હતો કે, તેની પાસે કોઈપણ પ્રકારની ડિગ્રી જ ન હતી અને તે દવા કરી રહ્યો હતો. અમુક વખત માં–બાપ ઓછા ચાર્જનાં લોભે આવા ઝોલાછાપ ડોકટર પાસે ઈલાજ કરાવવા જતા હોય છે અને પોતાનાં વ્હાલસોયી વ્યકિતની અમૂલ્ય જિંદગી દાવ ઉપર લગાવી દેતાં હોય છે. જે ઘટનાને પગલે સ્થળ પર પરિવારજનો સહિત લોકોના ટોળા ઉમટી પડયા હતા. જેના પગલે ડિગ્રી વગરનો બોગસ ડોકટર કલીનીક છોડી ફરાર થઈ ગયો હતો.

સમગ્ર મામલાની પોલીસને જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. અવાર નવાર બોગસ ડોકટરના કિસ્સાઓ સામે આવતા હોય છે અને જેમના કારણે નિર્દોષ માસૂમોના જીવન સાથે ચેડા થતાં હોય છે. આપણાં શહેર અને આસપાસનાં ગામડાઓમાં પણ આવા અનેક ડોકટરો હજુ પોતાની દુકાન ચલાવે છે. ઘણાં ડોકટરો બીએએમએસ (આયુર્વેદ), બીએચએમએસ (હોમિયોપેથી)ની ડીગ્રી ધરાવતા હોય છે, જે ફકત દવાઓ જ આપી શકે પરંતુ અમુક તો કાયદાની પરવા કર્યા વગર ઈન્જેકશન, ગ્લુકોઝ બોટલ પણ ચડાવી દે છે. અરે એક જુના બસ સ્ટેન્ડ પર આવેલ કિલનિકનાં ડોકટર આર્યુવેદ વૈદ હોવા છતાં ગાયનેક પ્રેકિટસ કરે છે, હરસ–મસાનાં ઓપરેશન પણ ફટાફટ કરી આપે..! હમણાં જો કે બ્રેક લાગી છે. જીલ્લા આરોગ્ય અધિકારી અને સ્થાનિક મેડિકલ ઓફિસરની ફરજમાં આ બધું આવે પણ ગાંધીજીની છાપવાળા પ્રિન્ટેડ કાગળ પાસે સૌ નત મસ્તક થઈ જાય છે. પરંતુ આવી ઘટનાઓમાં કડક અને દાખલો રૂપ કાર્યવાહી કરવામાં આવે તો ચોક્કસ આવી ઘટનાઓ અંકુશમાં આવી શકે છે.





**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**''અમરેલી એક્સપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭












# એક વખત એવું બન્યું (ધરમ કરવા જતાં ધાડ પડી)

<u>ભાગ-૨૯</u>

**(કોલમિસ્ટ પોતે જયારે મામલતદાર તરીકે સરકારમાં ફરજનિષ્ઠ હતા એ સમયની કેટલીક યાદગાર ઘટનાઓ આપને આ શ્રેણીમાં વાંચવા મળશે.)**

સચિવાલય તેમજ બિન સચિવાલય કેડરમાં બે પ્રકારના અધિકારીઓ જોવા મળે છે. દુર્ભાગ્યવશ ૯૫% અધિકારીઓ માત્રને માત્ર જી હજૂરી કરતા જોવા મળે છે, જયારે હજુ પણ કેટલાક ૫% બાહોશ અધિકારીઓ પોતાનું કામ નિષ્ઠાપૂર્વક અને ઈમાનદારીથી કરી રહ્યા છે. મારી ઉપર હંમેશા આ ૫% માં આવતા અધિકારીઓનો પ્રભાવ રહ્યો છે. કે જેઓ હંમેશા પોતાની સ્વતંત્ર બુદ્ધિથી અને માનવીય અભિગમ અપનાવીને નિર્ણયો કરતા હોય છે. આવા અધિકારીઓ સાચ્ચાને સાચું અને ખોટાને ખોટું કહેવામાં જરા પણ સંકોચ કે ડર અનુભવતા નથી.

મારી બરતરફીની ફાઈલો આર.ટી.આઈ. કરીને મંગાવેલ જેનો અભ્યાસ કરતા મેં હર્ષ અને ગર્વની લાગણી અનુભવી. સચિવાલય કેડરમાં મહેસૂલ વિભાગમાં પણ કેટલાક સચિવઓએ તેમના નોટીંગ અને અભિપ્રાયોમાં મારી કામગીરીના હકારાત્મક પાસાઓ ધ્યાને લીધેલ.

પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણેના ૯૫% માં આવતા રબ્બર સ્ટેમ્પ જેવા એકાદ બે મહેસૂલી સચિવોએ પોતાના અહંકારને સંતોષવા માટે મારો ભોગ લઈ લીધો. હું હાલમાં સરકારમાં ભરતી થયેલા અને થનારા યુવાન અધિકારીઓને ૫% માં આવતા અધિકારીઓ જેવા બનવા ભલામણ કરૂં છું.

લગભગ સાડા ચાર વર્ષ બાદ મારી ફરજ પર મને પુનઃ નિયુક્તી મળી જવા છત્તા પણ ખંભાળિયાથી મને બેંગલોર ખાતે વીવીપેટ મશીન જમા કરાવવા મોકલેલ તે બીલ આજદિન સુધી મંજૂર થયેલ નથી. મહામહેનતે હેરાન થઈને પણ મેં આ કામગીરી પાર પાડેલ અને એ પણ મારા સ્વખર્ચે.કારણ કે મને મારા જ બેચમેટ અને અમારા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ એવું કહેલ કે પરત આવો એટલે બીલ મંજૂર કરી આપીશું. તમારા ખર્ચેલા પૈસા તમને પરત મળી જશે.




બપોરે ત્રણ વાગ્યે મને ફોન આવ્યો કે સાંજે સાત વાગ્યે બેંગ્લોર જવા નીકળવાનું છે. એટલે તરત જ આદેશને માનીને હું મારા ડ્રાઈવર, રેવન્યૂ તલાટી અને પોલીસ સ્ટાફ સાથે તત્કાલ, પૈસાની વ્યવસ્થા કરીને નીકળી પડયો. બેંગ્લોરમાં કયાંય તમને સસ્તી હોટલ – લોજ મળે નહીં. આથી સ્વાભાવિક છે કે રહેવાનો ખર્ચ થાય. આ સિવાય આટલું લાંબુ અંતર સરકારી જીપમાં અને એ પણ ઉનાળાના દિવસો દરમિયાન કાપવું મુશ્કેલ હતું. અમારે તાત્કાલિક ઈનોવા ગાડીની વ્યવસ્થા કોઈપણ જાતના ટેન્ડરીંગ પ્રોસેસ વગર કરવી પડી. ખરેખર તો અમને બધી વ્યવસ્થા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ કરી આપવી પડે. પરંતુ એ ટિપિકલ સરકારી અધિકારી હતા એટલે બધું મારા પર નાખી દીધું. અમે નીકળી પડયા.

બીજા દિવસે મારી સાથે રહેલા ટ્રક ડ્રાઈવરે ટ્રકને મુંબઈ પાસે બીજા ટ્રક સાથે ઠોકી દીધી.

ત્યાંના ઘણાં બધાં ટ્રક ડ્રાઈવરો ભેગા થઈ ગયા. અમારો ડ્રાઈવર વીવીપેટ મશીનો મૂકીને ભાગી ગયો પરંતુ સાથે રહેલા બે જુવાનિયા પોલીસ કોન્સ્ટેબલ બાહોશ હતા.અમે આવી પરિસ્થિતિનો સામનો કરી મારા અંગત સંબંધોનો મુંબઈમાં ઉપયોગ કરી ત્યાંથી હેમખેમ નીકળેલા. બેંગલોર બેલ કંપનીમાં કે જયાં આ મશીનો જમા કરાવવામાં અમે પાંચ દિવસ સતત ખૂબ હેરાન થયા ત્યાં અંદર વાહન લઈ જવાની મનાઈ હોય અમે દરરોજ ઘણાં કિલોમીટર ચાલીને જતા. તેમ છતાં પણ ત્યાંથી રસ્તો કાઢીને પાંચ દિવસે અમે અમારૂં કામ પતાવી ફ્રી થયા. પછી મૈસૂર થઈને ફ્રેશ થઈને પરત ખંભાળિયા ભેગા થયા.

પરત જઈને મેં મારા બીલ મૂકયા એટલે કલેકટર સાહેબ દ્વારા આ બીલ મંજૂર કરતો હુકમ કરવામાં આવ્યો. સ્વાભાવિક છે કે બીલ સાચા હોય અને વાજબી હોય મંજૂર કરવામાં આવેલ.

પરંતુ વિધાનસભા ચૂંટણી સમયના મનદુઃખને કારણે ફરીથી જિલ્લા તિજોરી અધિકારીએ વ્યવહારિક અભિગમ ન અપનાવીને આજ દિન સુધી મારા બીલ મંજૂર કરેલ નથી. ખૂબ લખાપટ્ટી કરવા છતાં પણ મને હજુ સુધી કોઈએ પણ સહકાર આપ્યો નથી. જે ચૂંટણીપંચનું કામ કરવા હું બેંગ્લોર ગયો હતો તેણે પણ હાથ ઊંચા કરી લીધા. જે અધિકારીએ મને બેંગ્લોર મોકલેલ એણે પણ હાથ ઉંચા કરી લીધા. નૈતિકતા જેવો કોઈ ગુણ અધિકારીઓમાં ન હતો. અત્યારના સમયમાં કદાચ આવા જ મોટાભાગના ભરેલા હોય. આમની વચ્ચે હું સેટ ન થઈશકું તે સ્વાભાવિક છે.

આજની તારીખે પણ અમારા પાંચ વ્યક્તિનું ૧૨ દિવસનું રહેવું, જમવું, ખાવું, પીવું, ટ્રાવેલિંગ અને અન્ય ખર્ચનું લગભગ એક લાખ જેટલું બીલ મને ચૂકવવાનું બાકી છે.

**(ઉકત હકીકત ડો.ચિંતન વૈશ્રવ લિખિત 'તેજોવધ' પુસ્તકમાંથી લેવામાં આવેલ છે.)**

# અમરેલી બ્રોડગેજ આંદોલનનું સ્વયંભૂ રણશિંગું.. લોકમાંગનો વિસ્ફોટ, હવે પાર્થને કહો ચડાવે બાણ.. ફરી એ જ ગાંડીવતણો

## આમ તો લોકતંત્રમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ દ્વારા લોકમાંગનો પ્રતિધ્વનિ પ્રદર્શિત થતો હોય છે, પરંતુ હવે લોકો પણ રાજકીય નેતાઓના કથન, કવન અને અમલીકરણની ભાવનાથી થાકી ગયા હોય સ્વયંભૂ લોકજુવાળ જાગૃત થયો હોય એવું પ્રથમ દ્રષ્ટિએ લાગે છે

અમરેલી બ્રોડગેજ આંદોલન સ્વયંભૂ લોકમાંગનો પ્રારંભ થતાં એક વાત પણ લગભગ દિવા જેવી સ્પષ્ટ લાગે છે અમરેલી જિલ્લાની જનતાને હવે રાજકીય નેતાગીરી પર (આ માંગપૂર્તિ કાજે) વિશ્વાસ ન રહ્યો હોય તેવું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આમ ગણો તો અમરેલી જિલ્લાએ ભાજપ અને કોંગ્રેસના અનેક ધુરંધર નેતાઓને સમયાંતરે સંસદમાં ચૂંટીને મોકલ્યા. આમાંના ઘણાંએ સંસદમાં મહત્વપૂર્ણ પદ પણ પ્રાપ્ત કરેલ.

દેશ આઝાદ થયો તેને પોણી સદી વિતવા છતાં અમરેલી શહેર અને જિલ્લાનો ઘણો વિસ્તાર બ્રોડગેજની સુવિધાથી વંચિત છે એ વાત પણ જનમાનસને ખટકે તો ખરી જ અને અમરેલી જિલ્લા માટે એ કરૂણાજનક બાબત પણ હોય તેવું

**પ્રસ્તુતિ : હર્ષદભાઈ જોશી, બિપીનભાઈ પાંધી.**

પણ લોકોને લાગતું હશે. કદાચ એટલે જ કોઈ પણ પક્ષાપક્ષીનાં રાજકારણ વગર સોશ્યલ મિડિયાનાં માધ્યમથી લોકમાંગનો સૂર વ્યકત થયો અને જોતજોતામાં એ લોકમાંગને જિલ્લાનાં મોટાભાગના વિસ્તારોમાંથી સમર્થન પ્રાપ્ત થયું. જો કે ખાલી ડીઝીટલ કે સોશ્યલ મિડિયા દ્વારા આ અવાજ સંસદનાં પ્લેટફોર્મ સુધી પહોંચશે કે કેમ એ યક્ષપ્રશ્ન છે.?? પરંતુ લોકશાહીમાં લોકમિજાજને વ્યકત કરવાનું સોશ્યલ મિડિયા એ પ્રથમ પ્રબળ અને અસરકારક પગથિયું તો છે. એ નિમિત્તે ઘણાં લોકો અમરેલી ખાતે એકઠાં પણ થયાં અને તેમની માંગ સંદર્ભે તંત્રને આવેદનપત્ર પાઠવી પોતાનો લોકમત વ્યકત કર્યો છે.

હવે જરૂર છે ગ્રાઉન્ડ રિયાલીટી માટે આ સંદર્ભે જે યોગ્ય અને જરૂરી લાગે તે લોકતંત્રના મૂલ્યોને લક્ષમાં રાખીને કાર્યક્રમો કરવાની. જેમાં લોકતાંત્રિક ઢબે જે પણ કરવું પડે તે માટે પ્રતિબદ્ધતા દર્શાવવી પડશે. કદાચ તો અમરેલીને બ્રોડગેજ સુવિધા વહેલી ઉપલબ્ધ થાય એવું ઈચ્છીએ. અંતે તો લોકતંત્રમાં લોકોનો મત જ સર્વોપરી હોય છે.. આગળ સમય બતાવે તે.

# ''આવ જિંદગી તને વધાવી લઉં, જે મળ્યું મને કર્મમાં તેને સ્વીકારી લઉં'' આ પંકિત લખી છે... એક દિવ્યાંગ દીપ્તિ એ.

પોતે કમર નીચેનાં ભાગેથી તદ્દન અપંગ છે. પણ જુસ્સો, ઉત્સાહ, ઉમંગ, ઉર્જાથી એટલી ભરપૂર છે કે તંદુરસ્ત પણ શરમાઈ જાય.

દિપ્તિ કાન્તિભાઈ ગજજર સહિત ચાર ભાઈ-બહેન અને મમ્મી પપ્પાનો પરીવાર ઘરમાં સૌથી મોટી દીપ્તિ. નાની બહેનનાં લગ્ન થઈ ગયા. એક ભાઈ સોનીનાં શો રૂમમાં નોકરી કરે છે બીજો નાનો ભાઈ ઈલેકટ્રીક એન્જીનીયર છે. તે ચાર વર્ષથી બેરોજગાર હતો. હમણાં અમરેલી પ્રાઈવેટમાં જોબ મળી. કુલ છ જણ ઘરમાં છે.

જયારે દીપ્તિ નવ મહિનાની હતી ત્યારે બાજુમાં રમવા લઈ ગયા હતા પછી ત્યાં સિલાઈ મશીન પરથી પડી ગઈ અને પુરા શરીરમાં પોલિયો થઈ ગયો. ઘરની આર્થિક સ્થિતિ તદ્દન કંગાળ હતી. છતાં ઉછીનાં પૈસા લઈ તેનાં પપ્પાએ ખુબ સારવાર કરાવી. અત્યારે પણ કમર નીચેનો ભાગ અને બન્ને પગ પોલિયોગ્રસ્ત છે.

છેલ્લા ૩૦ વર્ષથી ઘરની ચાર દીવાલ વચ્ચે જિંદગી પસાર કરે છે. બહુ મુંજાય ત્યારે ભાઈ કયારેક આંટો મારવા લઈ જાય. પણ તેને કોઈ પર બોજ બનવું નથી ગમતું એટલે કયાંય બહાર નથી જતી. દીપ્તિનું શરીર એટલું નબળું છે કે તેનાથી વ્હીલ ચેર કે સાઈકલ ચલાવી શકાતી નથી. નાની હતી ત્યારથી પપ્પાની આવક જોઈને જિંદગીની કડવી વાસ્તવિકતા સાથે જીવવાનું સ્વીકારી લીધું છે.

પહેલા જુના પોતાનાં મકાનમાં રહેતા તે પણ તોકતે



વાવાઝોડામાં પડી ગયું પછી ફરી બનાવી શકે તેવી આર્થિક સ્થિતિ નથી. અત્યારે ભાડાના મકાનમાં રહે છે. છતાં પણ જેમ તેમ મહેનત કરીને ભણીને ધોરણ ૧૦ સુધી પહોંચી પણ કિસ્મતે સાથ ન આપ્યો એટલે ફેલ થઈ પછી બીજી ટ્રાયમાં પણ પાસ ન થઈ શકી.

કમ્પ્યુટર શીખવાની, સંગીત શીખવાની ખૂબજ ઈચ્છા છે પણ શીખવા માટે બહાર તો જવું પડે

**અહેવાલ : પ્રતાપ ખુમાણ-સાવરકુંડલા**

ને, એજ જિંદગીનો મોટો અવરોધ છે. નાનપણથી લખવાનો બહુ શોખ એટલે ઘણાં વર્ષથી કવિતાઓ લખે છે. પણ દીપ્તિ ઉંડો નિસાસો નાંખીને બોલી, '' કહે છે ને સાહેબ કે ગરીબનો કોઈ દોસ્ત ના હોય, એટલે લખાણ લખી લખીને ઘણી જગ્યાએ મોકલું પણ કોઈ પ્રસિધ્ધ કરે નહી. હું પૂ.મોરારીબાપુની મોટા ભાગની કથા ટી.વી.માં સાંભળું છું, પૂ. બાપુને મળવાનો અને એમનાં દર્શન કરવાની ખૂબ જ ઈચ્છા છે. પણ હું તો ત્યાં સુધી પહોંચી શકતી નથી લાચાર છું.

શબરીની જેમ દરરોજ રાહ જોઉં છું. કયારેક તો રામ મારી કુટીયામાં આવશે આવશે ને આવશે જ !!'' હું મારા જન્મદિવસે માનવ મંદિરે જાવ છું ત્યાંના બાપુ મને બહુ સારી રીતે બોલાવે છે. ત્યાંનાં બાળકો માટે પણ મે એક કવિતા લખી હતી. ' 'પાગલની મંશા.''

શું પાગલની પણ કોઈ ઈચ્છા હોતી હશે, હા... હોય જ. કોને ના ગમે કોઈ સારા વેણે બોલાવે તે... તો પાગલની વ્યથા પરથી આ એક નાનકડી કવિતા રચી છે. ''પાગલની મંશા'' જન્મ આપી તરછોડયો માવતરે પાગલ કહી પારકો કર્યો પોતાનાએ.

પરિવારથી અળગો કરી રસ્તે રજળતો મુકયો એક પાગલને. લોકોએ પથ્થર મારી ધિક્કાર કર્યો પાગલને એક ટંકનું ભોજન ખાલી માંગતો હતો લોકો પાસે. તરસ લાગે તો પાણી માટે તરસતો હતો પાગલ હું. ફૂટપાથ પર બેસી ઠંડીમાં કાંપતો હતો હું.

ભર ચોમાસે વરસાદથી<br>
ભીંજાતો હતો પાગલ હું<br>
ત્યારે બે સહારા સાથી બન્યા ભકત<br>
રામ તણા ભકિત રામ તમે.<br>
આશરો આપી માનવ મંદિરે સ્વીકાર્યા<br>
પાલગ ને તમે,<br>
બસ મળી છે આ સજા કર્મની<br>
અમને,<br>
માંગુ બસ એક દુવા મસ્તક નમાવી<br>
પ્રભુને કે<br>
ગામેગામ થાય એક ભકિતરામ તો તો<br>
થાય માનવ મંદિર ગામે ગામ.<br>
હર એક પાગલનો પ્રેમેથી થાય<br>
સ્વીકાર, પ્રભુ તણી આ દુનિયામાં....<br>
રહેના કોઈ બિચારો લાચાર પ્રભુ તારી<br>
આ દુનિયામાં...

**– દીપ્તિ ગજજર.**

હમણાંજ વરસાદની સિઝનમાં લખેલી કવિતા.

ચાની ચુસ્કી...<br>
ચુસ્કી મારી એક ચાની<br>
પછી મને ગોટાનો ખયાલ<br>
આવ્યો....<br>
મેથીના ગોટાને તળેલા મરચાની<br>
સુગંધનો સ્વાદ આવ્યો<br>
ચુસ્કી મારી એક ચાની<br>
વરસાદી ફોરાંને હાથમાં જીલીને<br>
રીમઝીમ ગીત હું ગાતો<br>
શેકેલા ફોંફાની મધમધતી સિંગને<br>
બારીએ બેસી હું ખાતો.<br>
વરસાદે નહાવાનો શોખ મને<br>
જાજો....<br>
પછી શરદીના પરપોટા લૂંછી<br>
નાક લાલ રાખતા<br>
ચાની તપેલીમાં આદુ નાખીને<br>
તેજ ગેસ પર તેને ઉકાળી<br>
ચુસ્કી મારી એક ચાની.

# અમરેલીનાં રાંઢીયા ખાતે મહોરમ પર્વની ઉજવણી


અમરેલી, તા. ૫

અમરેલી તાલુકાનાં રાંઢીયા મુકામે મહોરમ માસ નિમિતે હિન્દુ મુસ્લિમ એકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમા ભાવનગરથી પધારેલ મૌલાના અકબર મહેંદી સાહેબે મુહમ્મદ પયગંબર સાહેબનાં નવાસા ઈમામ હુસેન અલય્હિસ્સલામના કિરદારથી વાકેફ કર્યા હતા અને યઝીદ જેવા જુલ્મી રાજાની સામે અવાજ ઉઠાવ્યો અને પોતાના કુટુંબની કુરબાની આપીને ઈન્સાનિયત તેમજ મુસ્લિમ ધર્મને બચાવ્યો હતો. આ તકે અમરેલી યુવા ભાજપ પ્રમુખ દ્વારા પ્રવચન કરવામાં આવ્યું હતું. મોહમ્મદ સાદિક બાપુ અને મહુવાથી પધારેલ અલિરઝા બાપુ દ્વારા ગુજરાતી ભાષામાં ઈમામ હુસેન અલય્હિસ્સલામની જીવન ઝરમર કહી હતી અને યઝીદ જેવા જુલ્મી શાસનનાં પાયા હચમચાવી નાખ્યાં હતા અને કેવી રીતે ૧૪૦૦ વર્ષ પહેલાં અસત્ય સામે અહિંસાની લડાઈ લડી અને જીત મેળવી હતી. અંતમાં એડવોકેટ નકવી બાપુએ આભાર વિધિ કરીને સર્વ ગ્રામજનો તેમજ આજુબાજુના ગામથી પધારેલ હિન્દુ ભાઈઓનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમના અંતમાં ન્યાઝે હુસૈન(ચા, પાણી, ગરમા ગરમ ગાંઠીયા, મરચા)ની પ્રસાદી સાથે લઈને ભારત દેશમાં કોમી એકતા જળવાઈ રહે તે માટે દુઆ કરી હતી. આ હિન્દુ-મુસ્લિમ એકતાની મિશાલ કાયમ માટે યાદ રહે તેવી રીતે સમગ્ર કાર્યક્રમનું આયોજન નિવૃત્ત પીએસઆઈ નકવી દ્વારા કરવામાં આવ્યું હતું. અને નકવી સાદાત જમાત દ્વારા હિન્દુ ભાઈઓનો ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો હતો. નકવી બાપુ કંડકટર તેમજ ઈમરાન બાપુ અને તેમની યુવા કમિટીએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# ફોનમાં સૌ મશગુલ દેખાય છે

જમાનો બદલાયો મોબાઈલથી રૂબરૂ વાત કયાં કઈ થાય છે. બસ ફોનમાં મશગુલ સૌ દેખાય છે. ભુલી ગયો છે. બાળક રમત મેદાનની ફોન સાથે ઘરમાં જ એ પુરાય છે. ફોનમાં સૌ મશગુલ દેખાય છે.

વેડફે છે યુવાનો સમય આ કિંમતી પણ સમયનું મુલ્ય કયાં કોઈને સમજાય છે. વ્હોટસએપમાં હાઈ હેલ્લો ટોગ કરે, સાચી લાગણી કોઈનાં વાંચે, ફોનમાં સૌ મશગુલ દેખાય છે. વાપરે નહિ બુદ્ધિ ખુદની કામમાં ખોલીને ગુગલમાં તરત જોવાય છે. વ્યસ્ત છે આ વિશ્વ મોબાઈલમાં સ્ક્રીન ટચમાં સાચી લાગણી ભુલાય છે. બસ ફોનમાં મશગુલ સૌ દેખાય છે હોય જો એક બીજા લાઈવ એફ.બી.કે. ઈન્સ્ત્રા.માં પણ કેમ છો કયાં કોઈથી પુછાય છે. માણવાની શીતલતા કુદરત તણી પણ સેલ્ફી લેતા લાખો જીવ ગુમાવે છે. ફોનમાં મશગુલ સૌ દેખાય છે, રૂબરૂ વાત કયાં કંઈ થાય છે.



**દીપ્તિ ગજજર**

**સાવરકુંડલા**

# સમજણ એ જ નારાયણ

**'શકિત જયારે ક્ષીણ બનતી જાય છે,**
**જિંદગી બસ મીણ બનતી જાય છે.'' – દિગંત મેવાડા**

ગાંધીજી એવું કહેતા કે : 'જો મારી અંદર હાસ્યવૃતિ ન હોત તો કદાચ મેં આત્મહત્યા કરી હોત.'' ગંભીરતા વગરનું હાસ્ય અને સમસ્યાઓથી, અનેક પારાવાર મુશ્કેલીઓથી ઝઝુમતી માનવજાત માટે હસવું, હળવું, થવું એ જ શ્રેષ્ઠ ઔષધ સમાન છે.

સ્ટેન્ડ અપ કોમેડીયન સ્વ. રાજુ શ્રી વાસ્તવે પણ હાસ્યની સોથ એક સંદેશ આપવાની કળા સુપેરે સિધ્ધ કરી હતી. યુ.ટયુબ જેવા માધ્યમોથી આપણને તેની આ પારંગત કળાનો જરૂર અનુભવ થાય જ !! ખુબ ઉંચા ગજાનાં આ



**યોગેશ ભટ્ટ**
**(બી.એ.એલ.એલ.બી.)**
**મો. ૯૯૨૪૦૧૩૪૯૪ – અમરેલી**

કલાકારે એ વખત પોતાની રજુઆતમાં વિષય પસંદ કરેલો શોલે (ફિલ્મ)ના ગબ્બરસીંગ જો વૃધ્ધ થઈ જાય, તેમનું શરીર, તાકાત, ખૌરૂ, રૂત્લો અને વર્ચસ્વનાં જયારે વળતા પાણી થાય, ત્યારે તેમની જ ગેંગના ડાકુઓ, રામગઢ વાસીઓ વિગેરે તેની સાથે કેવું વર્તન કરે.... તે રજુ કરીને તેણે ખુબ હસાવ્યા છે. પણ આ બાબતની પાછળ જીવનની નક્કર વાસ્તવિકતા પણ નજરે તરતી દેખાય છે.

જે માનવદેહ, અને તેનાં માધ્યમથી પ્રાપ્ત થયેલ રૂપ, રંગ આવડતનો માણસને સદાય જીવનભર કેફ રહે છે, જે કાર્યો પ્રોજેકટસ કે મીશન્સ માણસને સફળતાનાં શીખરો સર કરાવે છે. તેની પાછળનું રસાયણ માણસની કાર્યશકિત જ હોય છે.

લોહી જયારે ગરમ હોય છે, ભૂજાઓમાં અને હૈયામાં કશું પણ કરી છુટવાની હામ, હૌસલા હોય છે. ત્યારે તો બધુ જ સહંજ, સરળ, અને શકય જ લાગે છે. શરીર અને મન બન્ને દરેક કાર્યમાં ગરમ જોશીથી જોડાઈ જતાં હોય છે. તે વખતે ખરા, ખોટાનું પણ કયાં ભાન રહે છે. (અને એ જ બાબતો અર્થ કે અનર્થ સર્જતી રહે છે ! પરંતુ ઉમરનાં એક પડાવ પછી આ જ લોહી જયારે ઠંડુ પડવા લાગે છે. શકિતઓનો ધસમસતો પ્રવાહ જયારે ધીમો પડવા લાગે છે, ઈચ્છાશકિતઓનાં ઘોડાની ગતિ થંભવા લાગે છે. શરીર અને મન બન્ને પાછા પડવા માંડે છે... ત્યારે માણસને સાચાં-ખોટાનું ભાન થાય છે. પણ ત્યાં સુધીમાં તો ઘણું મોડુ થઈ ગયું હોય છે !!

**-: નવનીત :-**

**'જીવનનો બધો અર્થ<br>
સમજાઈ જાશે,<br>
બગીચામાં બેસો જઈ<br>
પાનખરમાં. ''**

**– દિલહર સંઘવી.**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૩૦

**હાઈબ્લડ પ્રેશર ભાગ-૧૦**

**હાઈપરટેન્શન અને ધ્યાન**


મારા આયુર્વેદ ચિકિત્સક તરીકેનાં ૨૮ વર્ષનાં અનુભવે એવું લાગ્યુ છે કે હાઈપરટેન્શન, ડાયાબીટીસ, ડીપ્રેશન આ બધાં લાઈફ સ્ટાઈલ ડીસીઝ માટે તાણ ખુબ ભાગ ભજવે છે અને આ તાણ થવાનું મુખ્ય કારણ આપણી અવ્યવસ્થિત દિનચર્યા છે. સમયનાં આયોજનનાં અભાવને કારણે રાત્રે સમયસર સુતા નથી. પરીણામે સવારે અધુરી નિંદર સાથે પરાણે ઉઠવાનું, સવારે નોકરી-ધંધામાં જવાની ઉતાવળ માં સવારની અગત્યની બધી જ ક્રિયાઓ (દાંતણ, શૌચક્રિયા, સ્નાન વગેરે) જેમતેમ પુરી કરવાની, સવારે કામ ઉપર જવાની ઉતાવળ કયારે તાણમાં ફેરવાય જાય તેની ખબર જ રહેતી નથી અને પરીણામે આખો દિવસ તાણ સાથે પસાર થાય અને પરીણામ હાઈપરટેન્શન સહીતના લાઈફ સ્ટાઈલ ડીસીઝ.

નાની-નાની બાબતો માં આપણે અસ્વસ્થ(ઘાંઘા) થઈ જઈએ છીએ, પરીણામે કોઈપણ બાબતમાં મન બેલેન્સ નથી રહેતુ અને પરીણામ આપણે ઈચ્છીએ એવું નથી આવતું, મારા અનુભવે એવું લાગ્યુ છે કે નિયમિત ધ્યાન કરવાથી મન બેલેન્સ રહે છે. પરીણામે કારણ વગરની તાણથી બચી શકાય છે.

ધ્યાન એટલે શું ? ધ્યાન શા માટે ? ધ્યાન કઈ રીતે કરવું ? ધ્યાન કરવાથી કોઈ વિશેષ અનુભવ થવો જોઈએ ? આવા અનેક પ્રશ્નો ઘણા લોકોને ઉદ્ભવતા હોય છે. ધ્યાનની ચોક્કસ બૌધ્ધિક વ્યાખ્યા કરવાનું મુશ્કેલ છે.

ધ્યાન એટલે કુદરત સાથે સંવાદિતા સાધવી ; ધ્યાન એટલે પરમ શાંતિ; ધ્યાન એટલે મનનાં વિક્ષેપો, વિચારો કે વિકારોને મનની આંતરિક શાંતિની અનુભૂતિનાં રસ્તામાં ન આવવા દેવાની પ્રક્રિયા આપણું મન અને સમગ્ર વિશ્વમાં એક પરમ શાંતિનું તત્વ છવાયેલુ હોય છે. જયારે શરીર અને મન, કુદરત સાથે સંવાદિતા સાધીને રહે છે, માનસિક વિચારો કે વિકારો આ શાંતિથી મનને દૂર ન લઈ જાય એની કાળજી રાખવામાં આવે છે- ત્યારે શાંતિ મેળવવાની પ્રક્રિયા શકય બને છે. જેને ધ્યાન કહેવામાં આવે છે.


ધ્યાન એ કોઈ મોટી સાધના છે; કે અમુક સિધ્ધ પુરૂષો



કે ઋષિ-મુનીઓ જ કરી શકે એ તદ્દન ખોટી માન્યતા છે. ધ્યાન એ મનની સહજ સ્થિતિ છે, જેને પ્રાપ્ત કરવાનું દરેક માણસ માટે શકય છે એટલું જ નહી પણ એ સહેલું પણ છે.

ધ્યાનની અનુભૂતિ માટે જે રીતે શરીરને ફાવે અને સ્થિરતાપુર્વક લાંબો સમય ટટ્ટાર કરોડરજ્જુ રાખીને બેસી શકાય એ રીતે બેસવું જોઈએ. સુખમ સ્થિરમ આસનમ. અર્થાત સુખપૂર્વક સ્થિરતાથી બેસી શકાય એવું આસન પસંદ કરવુ જોઈએ. તમને સાદી પલાઠી વાળીને બેસવાનું ન ફાવે તો ખુરશીમાં ટટાર બેસો; નહી તો પદમાસનમાં કે સિધ્ધાસનમાં કે વજાસનમાં જેમ ફાવે તેમ ટટાર સ્થિરતાપૂર્વક બેસો અને આંખો બંધ કરી દો.

તમારા મનમાં અનેક જાતનાં વિચારો આવ્યાં કરશે. આ વિચારો પાછળ દોરવાઈ ન જાઓ. વિચારોને આવવા દો અને નિરપેક્ષભાવે એને પસાર થઈ જવા દો. જાણે ફિલ્મ જોતા હો એમ એક પછી એક વિચારોને આવવા દો અને પસાર થઈ જવા દો. ધીમે ધીમે વિચારોનું પ્રમાણ આપોઆપ ઘટતું જશે.



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

આ પ્રક્રિયાની સાથોસાથ, ધીમે ધીમે ઉંડા શ્વાસોશ્વાસ લેવાની શરૂઆત કરી દો. દરેક શ્વાસની સાથે પેટની દિવાલ ધીમેથી બહાર તરફ ધકેલાવી જોઈએ અને ઉચ્છવાસ સાથે અંદર તરફ, જરા પણ ઝટકા વગર, લયબધ્ધ, ધીમેધીમે ઉંડા શ્વાસોશ્વાસ લેતા રહો. તમારું બધું જ ધ્યાન શ્વાસોશ્વાસ પર જ કેન્દ્રીત કરો. દરેક શ્વાસની સાથે પ્રકૃતિનાં ઉપયોગી તત્વો-પ્રાણવાયુ, પ્રકાશ વગેરે તમારા શરીરમાં પ્રવેશે છે, શરીરને ચેતનવંતુ બનાવે છે. દરેક ઉચ્છવાસ સાથે શરીરમાંથી બિનજરૂરી કચરો-અંગારવાયુ, અંધકાર વગેરે દૂર થાય છે. સતત તમારું ધ્યાન શ્વાસોશ્વાસ પર જ કેન્દ્રીત રાખો. ધીમી ગતિએ ઉંડા શ્વાસ લો અને એ જ ગતિએ ધીમે ધીમે ઉચ્છવાસ બહાર કાઢો. મનમાંથી બધાં વિચારો દૂર રહેશે અને સંપુર્ણ ધ્યાન શ્વાસોશ્વાસમાં કેન્દ્રીત રહેશે.

**ધ્યાનથી કોઈ દિવ્ય પ્રાપ્તિ મળે છે એવી અપેક્ષા રાખશો નહી. આપણે આપણી પોતાની જાત સાથે, અન્ય કુટુંબીજનો અને સંપર્કમાં આવતા લોકો સાથે તેમજ કુદરત અને એની રચયિતા મહાશકિત સાથે સંવાદિતા ખોઈ નાખી છે. ધ્યાન આ ખોવાઈ ગયેલ સંવાદિતાને પુનઃસ્થાપિત કરવાનો જ પ્રયત્ન છે.**

આજના યુગમાં મોટાભાગનાં લોકો એમના આખા દિવસ દરમ્યાન પોતાની જાત અને પ્રકૃતિ સાથે સંવાદ સાધી શકે એવો અવકાશ જ નથી મેળવી શકતા. સવારથી સાંજ સુધી કોઈને કોઈ વ્યકિત સાથે કોઈને કોઈ કામમાં ગપસપમાં ડુબેલા રહે છે. આવી વ્યકિતઓને બાથરૂમ-સંડાશ સિવાયના કોઈપણ સ્થળે પોતાની જાત સાથે એકલા રહેવાનો અવકાશ નથી મળતો. ધ્યાનનાં નિયમિત અભ્યાસ કમસેકમ વ્યકિતને પોતાની જાત સાથે સંવાદિતા સ્થાપવાનો અને શરીર-મનની તકલીફો અંગે જાગૃત બનાવી યોગ્ય ઉકેલ લાવવાનો અવસર પુરો પાડે છે.

હકીકતમાં ધ્યાન એ કંઈ દશ-પંદર મિનિટની અવસ્થા નથી. ધ્યાન એ તો કાયમી સભાનતાની અવસ્થા છે. જયારે જે કરતા હો ત્યારે એ વસ્તુમાં તમારી એકાગ્રતા કે તમારૂં 'ધ્યાન' એ જ સાચા અર્થમાં ધ્યાન છે. ધ્યાન તમને વર્તમાનમાં જીવતા શીખવે છે.

તમારા મનને ન ભૂતકાળ ની સ્મૃતિઓ, ન ભવિષ્યની ચિંતાઓ વિક્ષેપ કરવી જોઈએ. જયારે જે કરતા હોઈ ત્યારે એ વસ્તુમાં લીન થઈ જવાથી વર્તમાન સુધરે છે. જો તમે વર્તમાન સુધારશો તો આપોઆપ ભવિષ્ય સુધરવાનું જ છે-માટે ચિંતા કરવામાં સમય અને શાંતિ બરબાદ કરવાને બદલે વર્તમાન સુધારવાના પ્રયત્ન શરૂ કરી દો.

દશ-પંદર મિનિટનુ રોજીંદુ ધ્યાન માત્ર તમને વર્તમાનમાં જીવવાનું યાદ અપાવે છે અને મનની અસ્થિરતા-અશાંતિને સ્થિર, શાંત, સુખમય બનવાનો સમય અને અવકાશ પુરો પાડે છે. ધીમે ધીમે દશ-પંદર મિનિટની ધ્યાનની પ્રક્રિયા આખા દિવસ દરમ્યાન વિચારો અને લાગણીની સ્થિરતા આપે તેમજ વર્તમાનમાં જીવતા શીખવાડે તો ધ્યાનનો ઉદ્દેશ્ય પાર પડયો એવું કહી શકાય.

**: મર્મ સ્થાન :**

બીજાનું ખરાબ ઈચ્છનાર, હિંસા અને અસત્યનું આચરણ કરનાર, જુઠ્ઠું બોલનાર, પોતાની જરૂર કરતા વધારે વસ્તુઓનો સંગ્રહ કરનાર, અસંતોષી, બિનપરિશ્રમી, કાયમી ઈન્દ્રીયનાં ભોગનો જ વિચાર કરનાર માનસિક શાંતિ મેળવી શકતો નથી.

ધ્યાન કરતાં પહેલા આ બધાં દુર્ગુણોમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. માનવતા, કરૂણા, સંતોષ, સ્વીકારવૃતિ, પરોપકાર, આનંદ, પ્રેમ, સત્ય, અહીંસા વગેરે સદ્ગુણોને પોષવાથી કાયમી આનંદ અને શાંતિની અનુભૂતિ શકય બને છે.

---

આસન કરતી, બાપુજીને કહયુ, 'ઈસે સંસ્કૃત સિખાના. જિસસે શાસ્ત્રો'કા જ્ઞાન હો જાયે." બાપુજીએ કહયુ, 'ભલે ભગવાન, અચ્છા મુહૂર્ત દેખકર ચાલુ કર દુંગા" "અરે, રાબ ઈસકે લિયે કયા મુહૂર્ત ઔર કયા ગ્રહ દેખના, દેખો, ઘર જાકર રમા કથાકાર બનેગી ઔર તુમ સબ શ્રોતાગણ, રોજ અર્થવાલી રામાયણજીમેં સે પાંચ ચોપાઈ ગાકર સુનાયેગી ઔર ઉસકા અર્થ પઢેગી જહાં ઈસકો સમજમે ન આવે વહાં તુમ સમજાના"

ભગવાનની આ કેટલી અદ્ભૂત શૈલી હતી. સાધકને તૈયાર કરવાની તે આજે સમજાય છે. આટલીવાર શ્રી માનસપાઠ કર્યા છતાં હજુ કાંઈ અર્થ સમજાતા નહીં. તે વિષે મનહરભાઈએ ફરિયાદ કરેલી તે વખતે જો મને ખીજાયા હોત કે ઐસે પાઠ કિયા જાતા હૈ ? તો નિરૂત્સાહી બની આગળ કરત કે કેમ એ ભગવાન જાણે. પરંતુ તે વખતે ભગવાને પ્રોત્સાહન આપ્યુ, "જિસકે લિયે કરતી હૈ વહ તો સમઝતે હૈ નાં ?" હવે તો નિયમ પ્રમાણે નવાહ્ન પાઠ તો ચાલુ જ હતો તે ઉપરાંત આ પાંચ ચોપાઈ વાંચવાની હતી. "શ્રી રામાયણજી, ગીતાજી, સ્વાધ્યાય ઔર વિનય પત્રિકા કે અલાવા અન્ય પુસ્તક યા અખબાર ભી પઢના નહીં ઔર મેરે પત્રોકા નિત્ય સ્વાધ્યાય કરના." અન્ય વાંચન માટે કહેતાં.

રાત દિવસ દેખતા રહે, ચિત્ર વાત અરૂ ચોપડી.

પ્રીતિ ગઈ ભગવાનસે ખાલી હોવે ખોપડી.

વિશેષમાં કહેલું, "ગલતાજી અવશ્ય જાના, વહ ગુફા સાધારણ નહીં હૈ, વહાં શ્રી પતિતપાવનજી ભગવાન સાક્ષાત બિરાજતે હૈ, કભી ન કભી દર્શન દેંગે તબ તૂ ઈતનાં હી માંગનાં કિ આપ સદા મેરે સાથ રહો. વહ પતિતપાવનજી અવશ્ય પ્રેરણા દેતે હે વિશ્વાસસે પ્રાર્થના કરની ચાહિયે. પ્રભુ કે યહાં કુછ અદેય નહી. ભગવાન અવ્યકત હોતે હુયે ભી જનસમુહમે વ્યકત હે." વિનય પત્રિકા વિશે બાપુજીને લખી આપેલું કે, "જિસકા જીવન નીતિમય, ફલે ઉન્હેં તુમસી વિનય." આ ઉપરાંત ભગવાન કહેતાં.

વિનય પત્રિકા નિત પઢે, ગૃહી વા અવધુત,

બના આય નહીં દુરી રહે. સપનેમેં યમદુત.

યહ પુત્રી રઘુનાથ કી, કરે પાઠ લય લાય,

બના રામ પદ અમલ રતિ, શોક મોહ ભ્રમ જાય.

રામ ધામદ્રા પુરિ સુહાવનિ, લોક સમસ્ત વિદ્વિત જગપાવનિ ।

મનહરભાઈએ ભગવાનને કહયુ, "ભગવાન, રમાબહેન જે કાંઈ જાણતા નથી એમને તમે ધ્યાન બતાવ્યું અને હું કહી કહીને થાકી ગયો છતાં આટલા વખતથી મને નથી બતાવતા." "દેખો મનહર, તુમકો ધ્યાન બતા ઉગા તો ઘર છોડકર ભગ જાઓગે. ફિર

# રામ અનંત અનંત ગુણ, અમિત કથા વિસ્તાર ।

જયાકા કૌન ? ઔર સુનો એક બાત બતાઉ ? અકબર કે દરબારમે એક


સિખા. દુસરે દિન સુબહ ફાંસી કે નિયત સમય પર અકબર હુકૂમતસે

હસતાં પુછયું, 'ભગવાન તમે અકબર રાજાને જોયેલો ? " હાં હાં, બરાબર

જાનેકી તૈયારી કરો. સમય હો ગયા હૈ." વારાફરતી બધાએ પ્રણામ કર્યા. "સબકો આસીસ કહના, માં કો મેરા પ્રણામ કહના ઔર આશીર્વાદ ભી કહના." ભારે હૈયે વિદાય લઈ જયપુર જવા રવાનાં થયા.

રામ ચરિત માનસ એહિ નામા, સુનત શ્રવણ પાઈયે વિશ્રામા ।

**અહૈતુક કૃપા**



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
**મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)**
**સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી**
**(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)**



બાબાજી ગયો. વહ સોના બનાને કી ક્રિયા જાનતે થે. અકબર કે યહ બાત માલુમ હો ગઈ. વહ હઠપુર્વક બાબાજી કે પીછે પડ ગયા. મુઝે સોના બનાના સિખાવ. બાબાજી કા હુકૂમત કરતા થા, નહીં બતાઓગે તો છ : મહિનેકી જેલ દે દૂંગા. બાબાજી કો કયાં ? જેલ કે લિયે કબૂલ હો ગયે. રોજ અકબર જેલમેં મિલને જાતા થા ઔર હુકૂમત કરતા થા. નહીં બતાઓગે તો જેલ પુરી હોને પર ફાંસી દે દુંગા બાબાજીને કહા ભલે. આખિર વહ સમય પુરા હુઆ ઔર ફાંસીકી તૈયારી હુઈ. ફાંસી કે પહલે દિન રાત કો ચરણ સેવા કરનેવાલે નાઈ કો સોના બનાના

બોલા અંતિમ સમય હ બતા દો નહીં તો મર જાઓગે. બાબાજી કા વો હી જવાબ થા નહીં આતા હૈ અંત મે અકબરને કહા, નહીં આતા હૈ તો ફિર કલ રાત કો નાઈ કો કૈસે બતાયા ? બાબાજીને કહા, નાઈને લિયા હોગા તો પૈર દબાકર લિયા હોગા. હુકૂમતસે નહીં."

મનહરભાઈએ હસતાં

વહ મેરે પાસ ચિત્રકૂટમે આતા થા. કાલા સા, ગુટકા સા થા ઔ મૂછો પર તાવ દેતા રહતા થા." તરત જ મનહરભાઈએ હિસાબ કરતાં કહયું, 'ભગવાન, અકબરરાજાને તો લગભગ પાંચસો વર્ષ થવા આવ્યા તો તમારી ઉંમર કેટલી ?" ભગવાને કહયું, "ચલો ઉઠો, તુમ તો બનિયે હો ના? દેખો દેર હો જાએગી. અબ

**(૩૦)**

**જાસુ કૃપા અસ ભ્રમ મિટિ જાઈ**

જાને કિસ દેવતાને મેરા મન ચુરા લિયા

દુનિયાંકી ખબર ના રહી ઔર તનકો ભુલા દિયા...

મારો હરિ તન મનમાં છાઈ રહયો..

ખપ્ટીયાથી નીકળી જયપુર આવી.

શ્યામ વિના વ્રજ સુનું લાગે, ઓધાજી હમકો ન ભાવે રે...

ભગવાન પાસેથી આવ્યા બાદ મન તો કયાંથી લાગે ? ભગવાનની આજ્ઞા પ્રમાણે ત્રણ દિવસનાં ગાડીનાં ઉપવાસ થયા. કારણ યાત્રા સમય દરમ્યાન કુલી, રિક્ષા કે ગાડીમાં ભીડમાં કોઈને સ્પર્શ થઈ ગયો હોય વળી બીજા દિવસથી તરત જ ચાંદ્રાયણ વ્રત ત્રણ દિવસનાં નિર્જળા ઉપવાસ પ્રભુકૃપાથી પુરા કરી નિત્ય કાર્યક્રમ તનથી તો ચાલુ થઈ ગયો. પરંતુ મન તો પરમાત્માનાં ચરણોમાં જ હતું. અન્ય કાર્યમાં ।તો મન કયાંથી લાગે બીજું મન કયાંથી લાવુ.કારણ :

ઉધો, મન ન ભયો દસબીસ

થોડા દિવસો બાદ ખપ્ટીયાથી ભગવાનનો પત્ર આવ્યો.

। શ્રી રામચંદ્રય નમઃ ।

રમા સાદર આસીસ.

(૧) ભજન બરાબર કરના. (૨) સંયમ પકકા રખાનાા.(૩) તુમ બ્રહ્મચારિણી હો ય ભુલ ન જાના. (૪) જનસંપર્ક કમ રખાના. (૫) પ્રભુ સર્વ સાક્ષીભૂત હૈ યહ સતત સ્મરણ રખાના નિયમ બરાબર કરના. આસન સિદ્ધ કરના.

સબકો આસીસ કહના.

મેરા સ્વાસ્થ નરમ રહતા હૈ. તુમારી ખુબ યાદ આતી હૈ કારણ

રામચરિત માનસ મુનિ ભાવન, બિરંચેઉ શભુ સુહાવન પાવન ।

તો ભગવાન જાને પર વિચાર બહુત આતે હૈ તુમારે સ્વભાવકે ભોલા પનકા વિચાર આતે હૈ.

રણછોડદાસકા આસીસ.

આ પત્રનાં કવરમાં બાપુજી પર પણ જુદો પત્ર હતો. તેમાં ભગવાને મારા વિશે લખેલું. " જબસે રમા ગઈ હૈ તબસે કુછ કુછ વિચાર આતે હૈ પરંતુ ભગવાનકી કૃપા હોગી તો રમાકા શ્રેય અવશ્ય હોગા. રમા પવિત્ર હૈ.

આ પત્ર બાદ તુરત જ બીજો પત્ર આવ્યો.

પ્રિય પુરૂષોતમભાઈ,

સાદર આશીર્વાદ

પ્રમોદકા હાથ કૈસા હૈ ? ભવાનકી કૃપાસે પ્રમોદકા ઔર સબ નિપટારા હો ગયા હોગા. – રણછોડદાસકા આસીસ

રમા નિયમ ખૂબ કરના – રણછોડદાસકા આસીસ

પ્રમોદ પર જે ઘડિયાળની ચોરીનો આરોપ આવેલો તે અનુસંધાનમાં પ્રમોદકા ઔર સબ નિપટારા હો ગયા હોગા. અને પપરેદામાં સંત રસોડામાં હાથ પર દાઝી ગયેલો તે બાબત ખબર પુછાવેલા.

બાપુજીએ મને વાત કરેલી કે ૧૯૪૬ માં રાજકોટમાં પ્રભુદાસભાઈ પુજારાઓ રામયજ્ઞ કરાવેલો. તે હકીકતનાં અનુસંધાનમાં મે પુછેલું, "મે તેમને જોયા નથી." બાપુજીએ કહયું, હવે તેઓ આવતા નથી.'હમે પુછયુ, "ભગવાન પણ નથી બોલાવતા ?" બાપુજીએ ના કહી એ બાબત થોડી વિગત જણાવી. આ પ્રસંગ પરથી મને વિચાર આવતો કે તેમને છોડી દે તો ? ભગવાનનાં પત્રના જવાબમાં આ હકીકતના આધારે મે ભગવાનમેં ભગવાનને લખેલુ.

'ભગવાન, મૈં તો અભી બહુત છોટી હું. ભવિષ્યમે કોઈ ભુલ હોને પર આપ છોડ દોગે તો ફિર મેરા કૌન ? ' મારા આ પ્રશ્નનાં જવાબમાં બનારસથી ભગવાને તા.૨૪/૨/૬૨ ના પત્રમાં લખેલું.

---

**કઠોર સત્ય : સમયનું બ્રહ્માસ્ત્ર**

ટ્રેન રાતનો અંધકાર ચીરતી આગળ વધે છે. આત્મીય સ્વજનની વાત પૂરી થતી નથી. તેમને શાંત કરવાને મારો પ્રયત્ન નિષ્ફળ રહ્યો. સમયનું શસ્ત્ર અત્યંત સબળ વેધક હોવા છતાં તેમનો વિષાદ ઓછો થયો ન હતો.

જે માણસો પારાવાર પીડા પછી પણ જીવી ગયા છે તેનું રહસ્ય "પ્રેમ" છે. તેમની દલીલ સાચી હોવા છતાં જેમ માણસનાં અંગૂઠાની છાપ અલગ અલગ હોય છે.

તેમ પ્રણયનાં સત્યનો અનુભવ અલગ ન હોઈ શકે ? તેમણે લખેલ કથાઓમાં પ્રેમનો વિજય-જીવનનું રહસ્ય બતાવેલ. વાસ્તવિકમાં સત્ય-પ્રેમની હારે થતી નિહાળી દુ:ખી થતાં હતા. "ગાણું ગજે હવે પ્રેમનું... તારા હૈયાની હું પદ હાર" આંખમાં ડોકાતાં આંસુ લુંછતા મેં કહ્યું સાંભળો...જીવનનું આકરું...કડવું કઠોર સત્ય...! તે અનેક અનુભવો, અનેક પાત્રો, અને જગતના ઈતિહાસની સત્ય ઘટનાઓના અભ્યાસ પછી મને લાગે છે કે આ જગત, આ સંસાર આ માણસો...તમામ... પોતાના અંગત સુખ, સ્વાર્થ માટે જીવે છે સંબંધો, કુટુંબ સમાજ, દેશ વગેરે...નું નિર્માણ, ઓળખાણ, પ્રેમ... આ પાયા ઉપર થાય છે.

આ અદ્ભુત અને અતિશય કઠોર કડવું સત્ય તમારા જેવા

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

કવિઓ, પ્રેમીઓ માટે અરે આપણે સૌને સ્વીકાર્ય નથી પરંતુ આ શાશ્વત સમયનું સત્ય છે.... કે અર્ધ સત્ય છે... મને કહેતા રડવું આવે છે બીક લાગે છે કે વધુ કહીશ તો... જીવન નિષ્ફળ લાગશે પરંતુ

આ સંસાર પ્રેમના કારણે રૂડો લાગે છે. પ્રેમના કારણે સંસારની શોભા છે. મારી પાસે ઘણા જવાબો હતા. પરંતુ હું ખુદ તેમની વેદનાથી અસ્વસ્થ થઈ ગયો હતો. ગમે તેટલું જ્ઞાન વાસ્તવિકતા



**ડો. ધીરજકુમાર વ્યાસ**
**મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)**
**બગસરા**

હજારો રસના ઈતિહાસની ઘટનાઓનું વિશ્લેષણ કરી રહયો છું ત્યાર તમને આશ્વાસન આપવા સિવાય મારી પાસે કોઈ દવા નથી.

સ્વજનને આ વાત સાચી ન લાગી... તેમણે કહયું કે તમારા આ વિધાન સામે શાસ્ત્રો, પુરાણો અને ઈતિહાસની અને પ્રેમ-બલિદાન કથાઓ કહી શકું છું. અનેક સંઘર્ષ અને પીડાઓ પછી જીવન ટકાવી શકયા છે. આત્મહત્યા કરતા નથી, આશા, પ્રેમના તંતુના કારણે જીવન નૌકા આગળ ધપાવે જાય છે. તેની પાછળનું કારણ છે પ્રેમ.... અને આ પ્રેમ માનવને મળેલ કુદરતની અણમોલ ભેટ છે. આ અણમોલ પ્રેમની ભેટથી મીરા બની, સીતા સીતાદેવી બની પાર્વતી... બોલ કેટલા નામ આપુ...?

આગળ... ખરેખર આંસુ વણવી દે ભાઈ એજ આખરે ઈલાજ છે. મારો હવે કોઈ જવાબ છે ઉત્તમ ચરિત્રો વાંચો, દરેકે રામાયણ, મહાભારત, ગીતા અવશ્ય વાંચવા જોઈએ. તેમાંથી છેવટે આત્માના મનોમંથનમાંથી સાચો ઉત્તર દરેકને મળશે પીડા અને સંઘર્ષથી મુક્તિ મળશે. બેસુમાર સંઘર્ષની અનેક કથાઓ સામે આવી પણ કશુંય બોલાયુ નહિં. જીવનનો ઉત્તર જીવનમાંથી મળશે. આશ્વાસન આપણને આપણા હૃદયમાંથી મળે છે. અન્યનો પ્રકાશ...યાત્રા કરવા જેવો હશે... મનને શાંત કરવા ધ્યાન, યોગ વાંચન શ્રેષ્ઠ છે. જો આ શ્રેષ્ઠ માર્ગ ચાલવા છતાં પીડા રહે તો...! મહાન, ઉમદા સિધ્ધાંતો માટે જીવનનું બલિદાન દેનારાઓને યાદ કરો.

"જીવનનું પ્રેરક બળ પ્રેમ જરૂર છે. તમે નહિં સ્વીકારો તો કોના માટે જીવવું ? કોની રાહ જોવી... મારે શા માટે લખવું ? જો કોઈ વાંચે નહિં તો... કોઈ રાહન ન જુએ તો ઘરે શા માટે આવવું ? આપણે જીવીએ છીએ તેનો અર્થ શો ?"

સમગ્ર જિંદગી વેપાર, ધંધો, નોકરી કર્યા પછી કયા પ્રેરકબળ થી તમે દોડતા રહો છો ? અનેક મહાપુરૂષોની આત્મકથામાં કબુલાત છે કે સત્તા, પૈસા, મળ્યા છે.... પણ સાચો પ્રેમ મળ્યો નથી. સુખ, શાંતિ, સાર્થકતા માટે પણ પ્રેમ કેન્દ્ર સ્થાને છે. બીજાના સુખ માટે જીવવું તે પણ પ્રેમ છે. હવે મારું સ્ટેશન નજીક છે. દુ:ખી અવાજે મને કહયું સત્ય, પ્રેમ, કરૂણા કેન્દ્ર સ્થાને રાખી જીવ્યો છું. કઠોર આકરા શબ્દોએ મારી કથાનો કરૂણ અંત મને પસંદ નથી. સુષાંત જિંદગીને બ્રેક લાગી છે.

તમે કહેલા બ્રહ્મવાકયો શું બધાને લાગુ પડશે ? આખો સંસાર સ્વાર્થના જ સંબંધોથી ચાલે છે ? આપણા વિચારો, સમય સંજોગોને આધીન હોવા જોઈએ. રડવાથી દિલ હળવું થાશે. બીજાને પ્રેમ કરવો. પ્રેમ વહેંચવો ખુબ બીજાને સાચા પ્રેમી બની જીવવું જોઈએ. વેદનાની બંધ મુઠીમાં રાખ. હું સૌને ચાહવા આવ્યો છું. બધાને પ્રેમનાં રંગોથી ઈશ્વરના આશિર્વાદ વરસો. પ્રેમ પૂર્ણ બની ચાંદ ખીલશે. મારા શબ્દો યાદ રાખજો...મિત્ર...!

**(અપૂર્ણ)**

---

ખરેખર આધુનિક (મોંડન) એટલે શું ? આપણે કોને આધુનિક કહીએ છીએ તો મોટાભાગે આધુનિકતાને આપણે કોઈપણ વ્યકિતની બોલચાલ, પહેરવેશ અને જીવનશૈલીથી મુલવીએ છીએ આપણા મને લગભગ કોઈ ફેશન કે ટ્રેન્ડને અનુસાર વસ્ત્ર પરિધાન કરે, સારૂ એવું અંગ્રેજી બોલે અને લોકોને આધુનિક લાગતી જીવનશૈલીથી જીવે તો તે આધુનિક એના બદલે જો કોઈ વ્યકિત બિલકુલ સાદુ જીવન જીવે. ગ્રામ્ય પહેરવેશ હોય ને ભાષા પણ ગ્રામ્ય હોય તો એવી વ્યકિત તો 'દેશી કે ગમાર" ગણાય પછી તે ગમે એટલો સમજુ હોય, એટલા આપણે આધુનિકતાની ઓળખ જ ખોટી ઉભી કરી છે.

આધુનિક થવું એટલે અપડેટ રહેવુ માત્ર પહેરવેશથી નહિ વિચારોથી પણ આપણે વસ્ત્રોનો છોછ ને સંકોચ છોડયા છે. પણ સંકુચિત વિચારસરણી નહિ. આધુનિકતા વિચારોમાં લાવવાની હોય. મુકતમને કોઈ વાત કે વિચારને સ્વીકારવીને પછી મુલવવી. એટલે આધુનિક થઈએ ત્યારે વિચારોની વિશાલતા આવે અન્ય પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલે ઉદારતા આવે ઉદાતભાવ પ્રગટે

# આધુનિકતાની ઓળખ

દરેક પરત્વે.

ખરેખર આધુનિકતાથી "આદર" જન્મે કે વધે... આદર ગુમાવી ઈગો વધારે કે અહમ વધારે એ આધુનિકતા નથી. પોતાને જ ખાસને અન્ય ને અવગણવાનો એટીટયુડા એ આધુનિકતા નથી.

આધુનિકતા માં વિચાર, વ્યવહાર, વસ્ત્રો કે વર્તનનો વિવેકના જળવાય ત્યારે તે 'અશ્લીલતા"

**અનુભૂતિનાં અક્ષરો**



**- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**

(વલ્ગારીટી) બને છે. અને આધુનિકતાને અશ્લીલતા વચ્ચે પાતળી ભેદ રેખા છે. જે સમજવી ખુબ જરૂરી છે. જેથી જાણ્યે અજાણ્યે પણ આધુનિકતાનાં આવરણ હેઠળ કોઈ અશ્લીલ, વિચાર, વર્તન કે વ્યવહારનો સથવારો ના થઈ જાય.

આપણે આધુનિકતાને ખરા અર્થમાં ગ્રહણ જ નથી કરી તેને તદન વિપરીત રીત અપનાવી છે. માત્ર પરિધાન કે પહેરવેશનાં પરિપ્રેક્ષ્યમાં જ આવી આધુનિકતાએ આપણને શું બનાવ્યાં છે. તે એકવખત પોતાની જાતને પુછી શું તો કદાચ સમજાશો !

જે આધુનિક સુખઃ સુવિધા ને સગવડોએ આપણાં ભૌતિક જીવનને સરળ બનાવ્યું છે. તે જ આધુનિકતાનો અવળો અર્થે કરી આપણે આપણાં મુળ ને માટીથી અતિશય દુર થયા છીએ.

આપણે એકેડેમિક શિક્ષિત થઈ પદ, પ્રતિષ્ઠા કે પૈસો મેળવી લીધા હશે પણ કોઠાસુઝની કેળવણીથી વંચિત રહયા છીએ. જેથી એ કેળવણીથી પ્રાપ્ત થતું જ્ઞાન, સમજ કે જીવવા જીવવાની આજનો માનવી માહિતીસભર બન્યો છે. પણ જ્ઞાની નહિ કારણ કે જે શિક્ષણથી જીવનની સાચી સમજ જ ના કેળવવાય તો એ જ્ઞાન કયાં થયું ? આધુનિક દેખાતો માણસ કે કહેવાતો માણસ જાત સિવાય બીજા બધાને નિરર્થક સમજે તે છે.


આધુનિકતા ?

"એક મોર્ડન વસ્ત્રો પહેરેલ વ્યકિત બીજાની વાત તોડી પાડે છે. કે અપમાન કરે છે." જયારે કોઈ સાવ ગમારને દેશી લાગતી વ્યકિત બીજાને માન આપે છે. તેની વાત સાંભળીને સમજવાની કૌશિશ કરે છે ને નમ્રતાથી તેને પોતાની વાત પણ સમજાવે છે" તો આ બેય પરિસ્થિતિમાં ખરેખર આધુનિક કોને કહી શકાય ? આધુનિક થવું એટલે વિચારોમાં વિશાલતા આવવી કોઈપણ પરિસ્થિતિને જોવાનો દ્રષ્ટિકોણ હકારાત્મક હોવો મુકત અને પૂર્વગ્રહ, દુરાગ્રહ કે અંગત અનુભવોથી પર તટસ્થ વિચારસરણી વિકસવી આધુનિક થવું એટલે આપણા પોતાનાં જીવન જેટલું જ મુલ્ય ને આદર અન્ય પ્રત્યે પણ હોવો. કોઈ બીબાઢાળ બોકસમાં ફીટ કરી અન્યને મુલવ્યા વગર સાઉટ ઓફ બોકસ, વિચારવાની અનુસરવાની ને કહેવાની હિમ્મત સોથ લગન હોવી.

આમ, આધુનિક માત્ર આપણે વસ્ત્રોથી જ નહિ. વિચારોથી થવાનું છે. આપણી સાંકડી, સંકુચિત કે બંધિયાર વિચારધારાથી મુકત થઈને ત્યારે ખરેખર આધુનિક થયા કહેવાઈયે.

# બાબરામાં કમળશી હાઈસ્કૂલ ખાતે રાજયનાં શિક્ષણ પ્રધાનનાં અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનાં વન મહોત્સવની ઉજવણી







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

રાજયમાં પ્રતિ વર્ષ ઉજવાતા વન મહોત્સવની ઉજવણી જિલ્લાકક્ષાએ પણ કરવામાં આવે છે. તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે વન મહોત્સવની ઉજવણી અંતર્ગત પંચમહાલ જિલ્લાનાં જેપુરા–પાવાગઢ ખાતે ‘વનકવચ’ નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાનાં અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લાકક્ષાનાં વન મહોત્સવ–૨૦૨૩ ઉજવણી બાબરા સ્થિત શ્રી કમળશી હાઈસ્કૂલ ખાતે સંપન્ન થયો હતો. વન મહોત્સવ જિલ્લાકક્ષાની ઉજવણીની તકે રાજય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ રોપા વિતરણ માટેના રથને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. જિલ્લાકક્ષાનાં વન મહોત્સવ કાર્યક્રમને સંબોધન કરતાં રાજય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, આપણાં દેશમાં, આપણી સંસ્કૃતિ અને સભ્યતામાં અને આપણાં પ્રાચીન સાહિત્યમાં પ્રકૃતિનું મહિમાગાન કરવામાં આવ્યું છે. આપણી પ્રકૃતિ અને આપણા પર્યાવરણનું સંરક્ષણ કરવું એ આપણાં સૌની નૈતિક જવાબદારી છે. ભાવિ પેઢીની સુરક્ષા માટે દરેક વ્યકિતએ એક વૃક્ષ અવશ્ય ઉછેરીને તેનું જતન કરવું અનિવાર્ય છે. રાજય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ અમરેલી સામાજિક વનીકરણ વિભાગની કામગીરીને બિરદાવી હતી. વન મહોત્સવ કાર્યક્રમમાં રાજય શિક્ષા મંત્રીએ સદ્ભાવના ગૃપની વૃક્ષારોપણ અને વૃક્ષોના જતનની ઉમદા કામગીરીને બિરદાવી હતી. વન મહોત્સવ કાર્યક્રમમાં ‘વૃક્ષો વાવો, પર્યાવરણ બચાવો’ નાં સંદેશ સાથે મંત્રી તથા મહાનુભાવોએ વૃક્ષોનાં ૭૦ જેટલા રોપાઓનું વાવેતર કર્યુ હતું. રાજય શિક્ષણ મંત્રીએ શ્રી કમળશી હાઈસ્કૂલ–બાબરાની મુલાકાત કરીને વિદ્યાર્થીઓ સાથે બ્રહ્માંડ અને ચંદ્રયાન–૩ વિષયક સંવાદ કર્યો હતો. જિલ્લાકક્ષાનાં વન મહોત્સવની ઉજવણી પ્રસંગે સામાજિક વનિકરણ વિભાગ–અમરેલી દ્વારા ૪૦૦ રોપાઓનું વિતરણ તાલુકા કક્ષાએ કરવામાં આવ્યું છે. આગામી સમયમાં ‘મારી માટી–મારો દેશ’ ‘વીરોને નમન અને વંદન’ નાં મહાઅભિયાનમાં સહભાગી થવા માટે સામાજિક વનીકરણ વિભાગ–અમરેલી દ્વારા ૩૦ હજાર જેટલા રોપાઓનું વિતરણ કરવામાં આવશે. લાભાર્થીઓને નિર્ધૂમ ચુલા, વન વિભાગની વિવિધ સહાયનાં ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે મંત્રી તથા મહાનુભાવોનાં હસ્તે વન વિભાગનાં કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લાકક્ષાનાં વન મહોત્સવની ઉજવણી પ્રસંગે સાંસદ નારણભાઈ કાછડીયા, લાઠી–બાબરા વિસ્તારનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, બાબરા તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ બુટાણી, સામાજિક વનીકરણ વર્તુળ, રાજકોટ આર.સેન્થીલકુમારન, એસીએફ એમ.યુ. શેખ, બાબરા આરએફઓ એમ.ડી. કરાગિયા, ફોરેસ્ટર આર.બી. કેસરીયા, એમ.વી. પરમાર, આર.આર. પાહરિયાવ, બી.જી. ખેર પણ ઉપસ્થિત રહ્યાં. કાર્યક્રમનું સંચાલન આર.એફ.ઓ. કરાગીયા દ્વારા કરવામાં આવેલ.

## પાના ૮ ઉપરનું ચાલું બક્ષીપુર ગામે આડા સબંધનાં કારણે

ધીરૂભાઈ મકવાણાને ઠપકો આપેલ કે તારી પત્ની સાથે મારા દીકરા વિપુલને આડા સબંધ હતા તે બાબતે સમાધાન થઈ ગયેલ છે. તેમ છતાં તું અવાર–નવાર મારા દીકરા વિપુલને રસ્તામાં રોકી મારપીટ કરે છે તેમ કહેતા સામાવાળા વિપુલભાઈ ધીરૂભાઈ મકવાણાએ ઉશ્કેરાઈ જઈ વિપુલભાઈ મધુભાઈ મકવાણા તથા ગાળો આપી લોખંડના પાઈપ વડે યુવકને તથા તેમના પિતાને ડાબા હાથે લોખંડનાં પાઈપ મારી ફેકચર કરી દીધાની ફરિયાદ નોંધાઈ છે.

તો સામા પક્ષે આજ બનાવમાં વિપુલભાઈ ધીરૂભાઈ મકવાણાએ પણ તેજ ગામે રહેતા મધુભાઈ પોલાભાઈ મકવાણા તથા વિપુલભાઈ મધુભાઈ મકવાણા સામે લોખંડના પાઈપ મારી, ડાબા હાથે ફેકચર જેવી ઈજાઓ કર્યાની સામી ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## પાના ૧ ઉપરનું ચાલું આવક ઘટતા સપ્ટેમ્બરમાં

એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડુંગળીના ભાવમાં રેકોર્ડ વધારો થઈ શકે છે. હાલમાં ડુંગળીનો ભાવ રૂ.૨૮ થી રૂ.૩૨ છે.

મે-જૂન મહિનામાં ૧૦ થી ૨૦ રૂપિયામાં મળતી ડુંગળી સપ્ટેમ્બરમાં તેના રંગમાં આવી શકે છે. સપ્ટેમ્બરમાં ડુંગળીના ભાવ ૬૦ થી ૭૦ રૂપિયાને પાર થવાની આશંકા છે. રેટિંગ એજન્સી ક્રિસિલના જણાવ્યા પ્રમાણે આવતા મહિને મંડીઓમાં ડુંગળીની આવક ઘટી શકે છે જેના કારણે ભાવમાં વર્તમાન ભાવ કરતાં બમણાથી અઢી ગણો વધારો થઈ શકે છે. જોકે ઓક્ટોબરમાં નવા પાકના આગમન સાથે ભાવમાં ઘટાડો નોંધાઈ શકે છે.

માંગ-પુરવઠાના અસંતુલનની અસર ઓગસ્ટના અંત સુધીમાં ડુંગળીના ભાવ પર જોવા મળે તેવી શક્યતા છે. સપ્ટેમ્બરની શરૂઆતથી રિટેલ માર્કેટમાં ભાવમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે અને તે ૬૦-૭૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે. જો કે, કિંમતમાં આટલા વધારા પછી પણ આ વધેલી કિંમત ૨૦૨૦ના સર્વોચ્ચ સ્તરથી નીચે જ રહેશે.

અહેવાલ પ્રમાણે રવિ ડુંગળીની શેલ્ફ લાઈફ ૧-૨ મહિના ઓછી થવાને કારણે અને આ વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં વેચવાથી ઓપન માર્કેટમાં રવિ સ્ટોક સપ્ટેમ્બરને બદલે ઓગસ્ટના અંત સુધીમાં ઘટવાની ધારણા છે જેના કારણે ૧૫-૨૦ દિવસ માટે મંદીની સીઝન રહેશે જેનાથી બજારમાં પુરવઠાની અછત અને ઊંચા ભાવનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. ઓક્ટોબરમાં ડુંગળીનો નવો પાક આવતા ભાવમાં ઘટાડો થઈ શકે છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૫૩૧ | ૧૬૧૪ |
| ૨ | શિંગ મોટી | ૧૪૩૦ | ૧૭૧૩ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૫ | ૨૨૯૯ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૮૦૦ | ૧૯૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૪૩૯ |
| ૬ | તલ કાળા | ૧૭૭૫ | ૩૨૬૯ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૬૧ | ૩૦૬૧ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૪૬૧ |
| ૯ | જુવાર | ૫૪૦ | ૯૩૨ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૮૫ | ૫૫૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૭ |
| ૧૨ | મગ | ૧૩૬૮ | ૧૭૦૦ |
| ૧૩ | અડદ | ૧૫૬૪ | ૧૫૬૪ |
| ૧૪ | ચણા | ૭૩૫ | ૧૦૧૬ |
| ૧૫ | ચણા દેશી | ૯૭૦ | ૯૭૦ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ૧૭ | કપાસ | ૧૦૩૦ | ૧૫૫૧ |
| ૧૮ | એરંડા | ૧૧૧૫ | ૧૨૩૨ |
| ૧૯ | જીરૂ | ૧૨૧૧૧ | ૧૨૧૧૧ |
| ૨૦ | ધાણા | ૧૧૪૨ | ૧૩૫૦ |
| ૨૧ | સોયાબીન | ૯૧૦ | ૯૪૪ |

## પાના ૧ ઉપરનું ચાલું ધારી માર્કેટયાર્ડ ચૂંટણીમાં

નોંધાવેલ હતી. જયારે વેપારી વિભાગમાં દસ ઉમેદવારોએ દાવેદારી કરેલ હતી. ગઈકાલે યોજાયેલ મતદાનમાં ખેડૂત વિભાગનાં ૫૭૩ મતદારોમાંથી ૫૨૫ મતદારોએ મતદાન કરેલ હતું. જયારે વેપારી વિભાગમાં ૬૩ મતદારોમાંથી ૧૦૦ ટકા મતદાન થયેલ હતું. ગઈકાલે થયેલ મતદાનની આજે ધારી માર્કેટીંગ યાર્ડ ખાતે ગણતરી કરવામાં આવેલ હતી. જેમાં ભાજપ પ્રેરીત એક ઉમેદવારનો વિજય થયેલ હતો. જયારે અપક્ષનાં તમામ ઉમેદવારોનો કારમો પરાજય થયેલ હતો. ધારી માર્કેટીંગ યાર્ડ ઉપર ભાજપ પ્રેરિત પેનલનો ભવ્ય વિજય થતાં કોંગ્રેસની છાવણીમાં સોંપો પડી ગયેલ હતો.

## પાના ૮ ઉપરનું ચાલું ઉના : સૈયદ રાજપરાના

હોવાનું જણાવતાં જિલ્લા એસઓજી ટીમે હથિયારનું લાઈસન્સ આધાર પુરાવાઓ રજુ કરવાનું જણાવતા કાંતિ પરમાર પાસે આધાર પુરાવાઓ મળી આવેલ ન હોય અને આ રિવોલ્વર ફોટો પડાવવા માટે કાંતિ પરમારે તેના મિત્ર ધર્મેન્દ્ર ગીરી બાલુગીરી ગોસ્વામી રહે. અહેમદપુર માંડવી વાળા પાસેથી લીધેલ હોવાનું પોલીસને જણાવતા એસ.ઓ.જી.ટીમે ધર્મેન્દ્ર ગીરી બાલુગીરી ગોસ્વામી પાસે હથિયારનું લાયસન્સ માંગતા રજુ કરેલ હોય જેથી એસઓજી ટીમે કાંતિ પરમારને ફોટા પાડવા માટો આપેલ ધર્મેન્દ્રગીરી ગોસ્વામીની રિવોલ્વર જેની કિ.૫૦ હજાર, ૧ મોબાઈલ જેની કિ.૫ હજાર સહિતનો મુદામાલ જપ્ત કરી કાંતિ પરમારને ઝડપી પાડી ઉના પોલીસ મથકે હથિયાર પરવાની શરત ભંગ અંગે આર્મ્સ એકટ મુજબ ગુન્હો નોંધી કાર્યવાહી કરવામાં આવતા હથિયાર સોથનાં ફોટાઓ વાઈરલ કરનાર ઈસમોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

## અવસાન નોંધ

**સાવરકુંડલા : કારડીયા રાજપૂત મરણ :** અમરસિંહભાઈ લક્ષમણભાઈ ચૌહાન (ઉ.વ. ૯૨) તે સ્વ. હઠીસિંહભાઈ, સ્વ. હિરજીભાઈ તથા સ્વ. કનુભાઈના ભાઈ નું તા. ૪/૮/૨૦૨૩ ને શુક્રવાર ના રોજ અવસાન થયેલ છે. સતગત નું બેસણું તા. ૭/૮/૨૦૨૩ ને સોમવાર ના રોજ તેમના નિવાસસ્થાને "શિવશકિત" પરેખવાડી, સાવરકુંડલા ખાતે સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.

**સાવરકુંડલા : હિંદુ બાબર મરણ :** મધૂબેન હિંમતભાઈ ખોરાસીયા (ઉ.વ. ૬૪ ) (પાલીતાણાવાળા) તે હિંમતભાઈ લક્ષમણભાઈ ખોરાસિયાના પત્નિ, વિશાલભાઈ, અધ્યાબેનના માતૃશ્રી, જયવીરના દાદીમાં, અમુભાઈ તથા અરવિંદભાઈ ચુડાસમાના બહેનનું તા. ૪/૮/૨૩ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૭/૮/૨૦૨૩ ના રોજ સાંજે તેમના નિવાસસ્થાન સહજાનંદ નગર, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા :** અબ્દુલ મજીદભાઈ હાજી રજાકભાઈ કાઝી(ટાયર રીમોટવાળા) જે હનીફભાઈ કાઝી, યુસુફભાઈ કાઝી, અમીનભાઈ કાઝી, અયુબભાઈ કાઝીનાં મોટાભાઈ અને અલીમહંમદ કાઝીનાં પિતાનું તા. ૪–૮–૨૦૨૩ શુક્રવારના રોજ અલ્લાહપાકની રહેમતમાં પહોચી ગયેલ છે. મર્હુમની જીયારત તા. ૬–૮–૨૦૨૩ ને રવિવારે સવારે ૧૦ થી ૧૧ કલાકે નુરાની નગર, મદ્રેસા ખાતે અને ઓરતોની જીયારત ઘાંચી જમાત ખાને સવારે ૯ થી ૧૦ કલાકે સાવરકુંડલા ખાતે રાખવામાં આવેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૫૧ |
| ૨ | શીંગ દાણા | – | ૧૫૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૪૩૬ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૩૨૦૦ |
| ૫ | જીરૂ | ૧૧૦૦૦ | ૧૨૫૦૦ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૦૭ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૪૪૬ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૯૨૭ |
| ૧૧ | ચણા | ૯૨૫ | ૧૦૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભાની મામલતદાર કચેરીનાં

છે પરંતુ આ ગંદકી તેમની નજર એ કેમ નથી આવતી તે પણ એક મોટો સવાલ થઈ રહ્યો છે.

એક તરફ સરકાર સ્વચ્છ અભિયાન માટે કરોડો રૂપિયા ખર્ચ કરી જાહેરાતો કરે છે સ્વછતા માટે તમામ સુવિધા આપી રહી છે પરંતુ ખાંભા મામલતદાર કચેરી માં સરકારની આ કામગીરીથી વિપરીત અહીંનો નજરો જોવા મળી રહ્યો છે બીજા ને સલાહ સૂચન આપતાં તાલુકા અમલદારો પોતાની કચેરીમાં કેમ ગંદકીના ગંજ ખડકી રહ્યા છે તેમજ તૌકતે વાવાઝોડા બાદ કચેરીની પાછળ કચરાનાં ગંજ ખડકાયા છે ૩,વર્ષે દૂર નથી થયા ત્યારે જોવાનું એ રહેશે કે આં ગંદકી અહીંથી કયારે દૂર થાય છે.

## પાના ૧ ઉપરનું ચાલું પ્રદિપસિંહ વાઘેલાનું રાજીનામું

અનેક બીજી ફરિયાદ મળી હતી, જેમાં અમુક પાર્ટીના નેતા અને કાર્યકરોને અવગણનાની ફરિયાદ પણ મળી હતી. ફરિયાદનો પોટલો દિલ્હી પહોંચ્યો અને રાજીનામું લઈ લેવા આદેશ આપ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

તેમણે પત્રિકા વિવાદ મામલે કહ્યું કે, મારા થકી પ્રદેશ અધ્યક્ષને પણ ટાર્ગેટ કરાઈ રહ્યાં છે. જે પત્રિકા વિવાદ સુરતમાં શરૂ થયું છે એવું જ પત્રિકા યુદ્ધ અમદાવાદમાં પણ ચાલી રહ્યું છે. હજુ આ પ્રકરણમાં મોટા માથાઓ સંડોવાયેલા છે. આ સિવાયના ઘણા નેતાઓ પણ પત્રિકા વિવાદ જોડાયેલા છે. પ્રદિપસિંહ વાઘેલા માટે એવું કહેવાય છે કે, એમને પત્રિકા વિવાદ વિરુદ્ધમાં એસઓજીમાં ફરિયાદ કરી હતી. જેની તપાસ પણ ચાલી રહી છે. આગામી દિવસોમાં આ મામલે નવા નામો સામે આવાની સંભવાના છે. આ ઉપરાંત એવી ચર્ચાઓ પણ થઈ રહી છે કે ગુજરાત ભાજપમાં ચાલી રહેલી ખેંચતાણ પાછળ કોણ જવાબદાર છે આ સવાલનો જવાબ બધા જાણે છે પણ કોઈ બોલવા તૈયાર નથી.

## પાના ૧ ઉપરનું ચાલું ચોખાની કિંમત ૧૨ વર્ષની

લોકોને આ આવશ્યક ખોરાક પરવડે તે વધુ મુશ્કેલ બનાવી શકે છે. અહેવાલો અનુસાર ભારત, થાઈલેન્ડ, વિયેતનામ, કંબોડિયા અને પાકિસ્તાન ચોખાના મોટા નિકાસકારોમાં સામેલ છે. જ્યારે ચીન, ફિલિપાઈન્સ, બેનિન, સેનેગલ, નાઈજીરિયા અને મલેશિયા મુખ્ય આયાતકારો છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતમાંથી બિન-બાસમતી સફેદ ચોખાની કુલ નિકાસ ૪.૨ મિલિયન ડોલર હોવાનો અંદાજ હતો. જ્યારે અગાઉના વર્ષમાં તે ૨.૬૨ મિલિયન ડોલર હતું. ભારત થાઈલેન્ડ, ઈટાલી, સ્પેન, શ્રીલંકા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં સૌથી વધુ બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ કરે છે. દેશમાંથી નિકાસ થતા કુલ ચોખામાં નોન-બાસમતી સફેદ ચોખાનો હિસ્સો લગભગ ૨૫ ટકા છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં લગભગ ૧૫.૫૪ લાખ ટન સફેદ ચોખાની નિકાસ કરવામાં આવી છે, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં માત્ર ૧૧.૫૫ લાખ ટન હતી, એટલે કે વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નિકાસમાં ૩૫ ટકાનો વધારો થયો છે.


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૫ | ૧૫૨૫ |
| ૨ | ચણા | ૯૦૫ | ૯૫૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૮૫૦ | ૯૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૨ | ૪૭૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૧૦ |
| ૪ | સોયા | ૯૨૮ | ૯૨૮ |
| ૫ | ચણા સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૬ | ધાણા | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ૭ | તલ સફેદ | ૨૩૦૫ | ૩૨૪૫ |
| ૮ | લસણ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૯ | તુવેર દાળ | ૧૦૦૦ | ૧૦૦૦ |

## સા.કુંડલાનાં વોર્ડ–પમાં ખાડા બુરવાની કામગીરી શરૂ



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા વોર્ડ નંબર પાંચનાં વિસ્તારમાં હાલમાં વરસાદની સિઝનમાં ખૂબ જ વરસાદ પડવાથી રોડમાં જયાં ત્યાં રસ્તામાં ખાડા પડી ગયેલ હોય તો સાવરકુંડલા નગરપાલિકાનાં વોર્ડ નંબર પાંચનાં વિસ્તારમાં હાથસણી રોડને જેસીબી દ્વારા ખાડા પુરીને રોડને લેવલીંગ કરવાની કામગીરી કરેલ હોય ઉપરોકત કામગીરીને વોર્ડ નંબરનાં પાંચના રહીશો દ્વારા નગરપાલિકાનાં સદસ્યોની કામગીરીને બિરદાવેલ.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીના નાગનાથ બસ સ્ટેન્ડ વિસ્તારમાં

ઈન્સ. એ.એમ. પટેલ તથા એલસીબી ટીમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. ઉપરોકત ગુન્હાના અજાણ્યા આરોપી અંગે એલસીબી ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

તા.૪/૮ ના રોજ અમરેલી સીટી વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન કુંકાવાવ રોડ, સોમનાથ મંદિર પાસેથી રોહીત રાજુભાઈ પંસાળા, રહે. પ્રતાપપરાને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન મળી આવતા પકડાયેલ ઈસમને ચોરીના મોબાઈલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૪૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૬૬૦ | ૧૬૬૦ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૩૩૫૦ |
| ૩ | તલ કાળા | ૩૨૦૧ | ૩૨૦૧ |
| ૪ | કપાસ | ૭૦૦ | ૧૫૦૦ |
| ૫ | બાજરો | ૪૨૧ | ૪૭૦ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ૭ | ધાણા | ૯૦૧ | ૧૨૦૦ |
| ૮ | ચણા | ૮૦૧ | ૯૨૫ |
| ૯ | શીંગદાણા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| ૧૦ | સોયાબીન | ૯૦૦ | ૯૦૧ |

### આંધી બનીને ભાજપ સામે લડશે

# રાહુલ ગાંધીને ન્યાય મળતા સમગ્ર દેશનું રાજકારણ પલટાઇ જવાનું છે

## પૂર્વ સાંસદ ઠુંમરે ભાજપ પર કર્યા શાબ્દિક પ્રહારો





અમરેલી, તા. ૫

હિન્દુસ્તાન સમક્ષ કોર્ટ ઉપર પુરો વિશ્વાસ હતો અને છે, રાહુલ ગાંધી કેસમાં સુપ્રિમ કોર્ટમાંથી સાચો ન્યાય મળ્યો છે તેને આવકારતા અમરેલીના પૂર્વ સાંસદ વિરજીભાઇ ઠુંમરે એક પ્રેસ વિજ્ઞપ્તિમાં જણાવ્યું હતુ કે, જેઓ મોદી અટક ધરાવતા ન નથી તેમની મુળ અટક પૂર્ણેશ ભુતાળ છે તેવું બિનસત્તાવાર રીતે જાણવા મળ્યું છે પરંતુ ભાજપના દેખાડવાના અને ચાવવાના દાંત જુદા છે. દિલ્હીથી જ ભાજપની ગંગોત્રી મેલી છે તો છેવાડા સુધી વધારે ગંદી થઇ જતી હોય છે. જુઠ્ઠું બોલવું એકમાત્ર કાર્ય હોય તેવું લાગી રહયું છે. કાયદો અને વ્યવસ્થા સારાય દેશમાં ભાંગી ચુકી છે. બહેન–દિકરી સલામત નથી. વાયબ્રન્ટ ઈન્ડી નહી પરંતુ ધ્રુજતુ ઈન્ડીયા બન્યા છે. નશીલુ પંજાબ નહીં પણ ડોલતુ ગુજરાત બન્યુ છે. નશાકારક પ્રવૃતિ ભાજપના જ કાર્યકરો કરી રહયા છે. તેવા સમયે ભારતની સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીની તરફેણમાં ચુકાદો આપી રાહુલ ગાંધી એ ગાંધી નહી પરંતુ યુવાનો અને દેશ માટે ભાજપ સામે આંધી બનવાના છે. ઈન્ડીયા ગઠબંધન એ ભારતનું ભવિષ્ય બનવાનું છે ત્યારે ભાજપની બોલતી બંધ થઈ ગઇ છે. ભાજપના જ કાર્યકરોમાં પત્રીકા છપાવી તેમના આગેવાનો પેનડ્રાઇવ બનાવી સુરત–અમદાવાદ–અમરેલી અને સારાય ગુજરાત અને દેશમાં વહેંચી રહયા છે. ત્યારે દેશની જનતાએ ગુજરાતે અને ખાસ કરીને ડો. જીવરાજ મહેતા નેતૃત્વની સાથે ગુજરાતની સ્થાપના થઈ તે અમરેલી જિલ્લાએ ફરીવખત સુકાન સંભાળી ભાજપને ઘરમુળમાંથી સાફ કરવાનો નિશ્ચય કરવો પડશે.

વધારામાં જણાવ્યું હતુ કે, દેશના વડાપ્રધાન ૫૦૦ થી વધારે રેલ્વે સ્ટેશન નવીનકરણના ઇ–ઉદ્‌ઘાટન કરી રહયા છે. તેમાં સાવરકુંડલા, દામનગરનો સમાવેશ હોઇ શકે પરંતુ તેને રેલ્વેથી ધમધમતુ કરનાર કોણ છે તે પણ વિચારવાનો સમય પાકી ગયો છે. અમરેલીને ર સાંસદ મળ્યા છે રાજયસભાના સાંસદ તો મંત્રી છે અને ૧૫ વર્ષથી ચુંટાયેલા સાંસદ ફાંકા મારી રહયા છે. સાવરકુંડલાના ધારાસભ્ય ૨૦ વર્ષથી સાવરકુંડલાને કયાં પહોંચાડયુ છે તેવી નિવેદન બાજી સુરત મુકામે કરી રહયા છે.

હાલના ચુંટાયેલા સાંસદનું મુળ વતન સાવરકુંડલા તાલુકો છે ત્યારે હવે જનતાએ વિચારવુ છે કે કેમ ? તેવો વેધક સવાલ પૂછી અમરેલી–ધારી–વિસાવદર નવા રેલ્વે સ્ટેશનના ખાતમુર્હુતમાં સમાવેશ થયો નથી તે શું જણાવી રહયું છે ? તે પણ જાગૃત નાગરીકોએ અમરેલીને બ્રોડગેજ મળે તે માટે ભારત માતાના નારા સાથે આંદોલનને ટેકો જાહેર કરી ચુકયો છું આ કાયદાના ખોટા અર્થઘટન કરીને રાહુલ ગાંધીને સાંસદ તરીકે ફરજો બજાવવામાં રોકે નહી અને તાત્કાલીક અસરથી તેનો સાંસદ તરીકેના હકકો સાથે ચુકાદાના ૨૪ કલાકમાં જેમ તેને સસ્પેન્ડ કર્યા હતા તેમ ફરી સાંસદ તરીકેની માનભેર પદવી સાથે વાયનાડની જનતાનો જે ચુકાદો આવ્યો છે અને રાહુલ ગાંધી સાંસદ બન્યા છે તે જનતાનો દ્રોહ ન કરે તેમ અંતમાં જણાવ્યું હતુ.




### મુગ્ધાની કથા



સુંદર અવંતિ નગરીમાં વેદનો પાર પામેલો વિષ્ણુપ્રિય નામે બ્રાહ્મણ રહેતો હતો. તે સર્વ કામોમાં કુશળ, શાંત, શ્રીહરિનું વ્રત કરવામાં મુખ્ય હતો. તેને ત્યાં બે પુત્ર જન્મ્યા હતા. એકનું નામ દેવલ તથા બીજાનું નામ માધવ હતુ. એક વખત કાળના યોગે તેઓના પિતા મરણ પામ્યા. તેથી એ બંને ચિંતાતુર થઇ પડયા. દેવલની પત્ની રૂપ તથા લાવણ્યથી યુકત હતી, તેથી તેનું નામ રૂપવતી રાખવામાં આવ્યું હતુ, પણ તે કપટી અને ઈર્ષાળુ હતી. તે મોટી જેઠાણી એટલે કે જેઠની પત્ની હોઇ મુખ્ય અધિકારને પામી હતી. જયારે માધવની પત્ની ભલી, ભોળી, દયાળુ, ધાર્મિક વૃત્તિની અને સૌ પર સ્નેહ રાખનારી હતી. તેના સરળ સ્વભાવથી સૌ મુગ્ધ થઇ જતા, તેથી તેનું નામ મુગ્ધા રાખ્યું હતું. બંને ભાઈ સાથે જ રહેતા હતા. ઘણી મહેનત કરવા છતાં ભાગ્ય આડેનું પાંદડું ફર્યુ નહીં અને તેમના ઘરમાં દારિદ્રય આવ્યું. તેથી બંને ભાઈઓએ **(ક્રમશઃ)**

**સંપાદક : મહેન્દ્ર જોષી**



મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

### સંસ્થાના પ્રમુખ રાજુભાઈના માર્ગદર્શનતળે

# સાવરકુંડલાની 'શ્રીકૃષ્ણ ગૌશાળા'માં બીમાર, અશકત ગાયની પ્રેરણાદાયી સેવા

## જીવદયાની પ્રવૃતિથી સૌ કોઈ પ્રભાવિત બન્યા





સાવરકુંડલા. તા.૫

સાવરકુંડલા શહેરમાં રખડતાં ભટકતાં પશુઓની સંખ્યા પણ પ્રમાણમાં થોડી વધુ છે. આવા લાચાર બેબસ મુંગા અબોલ પશુઓની સાર સંભાળ કોણ રાખે? સાવરકુંડલા શહેરમા હાથસણી રોડ પર આવેલા નાગનાથ સોસાયટીમાં એક સંપૂર્ણ અશક્ત અને રોગગ્રસ્ત વાછડો જાણે મોતના ઓથાર હેઠળ સોસાયટીના એક ખૂણે પડયો કણસી રહ્યો હતો. આ સમયે આ સોસાયટીમાં રહેતા નિવૃત્ત પોસ્ટ વિભાગના કર્મચારી બિપીનભાઈ પંડયાએ પત્રકાર બિપીનભાઈ પાંધીની સાથે મળીને આ અતિ દુર્બળ અને ચાલવા તો ઠીક પણ ભોજન કરી શકવા માટે પણ સંપૂર્ણ અશકત એવાં આ વાછરડાની સેવા શુશ્રૂષા કરતાં જોવા મળ્યા. આ સંદર્ભે સાવરકુંડલાના સેવાભાવી નગરપાલિકા સદસ્ય પિયુષભાઈ મશરૂને આ વાછરડાની સ્થિતિ અંગે વાત કરતા તેમણે પશુ ચિકિત્સક મોકલી આ વાછરડાને તબીબી સારવાર કરી. પરંતુ બીજા દિવસે પાછી એ ની એ સ્વાસ્થય સંબંધિત સ્થિતિ જોવા મળતાં બીજા દિવસે અહીં સાવરકુંડલા ખાતે શ્રી કૃષ્ણ ગૌશાળાનાં પ્રમુખ શ્રી રાજુભાઈ બોરીસાગરનો ફોન પર સંપર્ક કરી સઘળી હકીકત જણાવતાં તુરંત જ તેણે પશુ ચિકિત્સક શુભમ જોષીને આ વાછરડાની તબીબી તપાસ અર્થે મોકલેલ. આ પશુ ચિકિત્સક દ્વારા પણ ઈજેકશન આપી સારવાર કરી. પરંતુ સંપૂર્ણ અશક્તિ હોય આ વાછરડાની સઘન તબીબી સારવાર આવશ્યક હોય તેમને સાવરકુંડલા શહેરની અપંગ, અશક્ત અને બિમાર ગાયોની સાર સંભાળ રાખતી શ્રી કૃષ્ણ ગૌશાળા ખાતે ખસેડવામાં આવેલ. જયાં તેની સઘન સારવાર કરવામાં આવી રહી છે. જો કે જીવન મૃત્યુ તો ઈશ્વરને આધિન છે. છતાં જીવદયાએ સૌથી શ્રેષ્ઠ માનવીય ગુણ ગણાય.

આવી રખડતી ભટકતી અશક્ત, લાચાર, બેબસ, પશુઓની દેખભાળ સાવરકુંડલાની શ્રી કૃષ્ણ ગૌશાળા લે છે. આજરોજ આ ગોશાળા ખાતે એક કેન્સરગ્રસ્ત ગાયનું તબીબી ઓપરેશન પણ કરવામાં આવેલ જયારે નાગનાથ સોસાયટીની ભટકતી રખડતાં વાછડાને શ્રી કૃષ્ણ ગૌશાળાએ હાથ ઝાલતાં હાલ તેની તબીબી સારવાર ચાલી રહી છે. ખરેખર ધાર્મિક સાથે સામાજિક સેવાના કાર્યો કરતી તમામ સંસ્થાઓ અભિનંદનને પાત્ર છે. આ સંસ્થા સાથે જોડાયેલા તમામ જીવદયા પ્રેમીઓને શત શત નમન.મોટાભાગના લોકો આ પરશોતમ માસમાં ધરમ કરમ અથવા સેવાભાવી પ્રવૃત્તિ કરતાં હોય છે તો વળી કોઈ હરદ્વાર, ઋષિકેશ જેવા પવિત્રધાર્મિક સ્થાનોએ દર્શનાર્થે જતાં જોવા મળે છે. પરંતુ સાવરકુંડલા શહેરમાં વસતાં બિપીનભાઈ પંડયા જેવા જીવદયા પ્રેમીઓએ પોતાની આસપાસ વસતાં આવા અબોલ પશુઓની સેવા કરી જીવદયાના કાર્યો કરતાં પણ જોવા મળે છે. અને આજ એનું સાચું તિર્થ આવાં સેવાભાવી લોકોને નત મસ્તક શત શત વંદન સાથે પ્રણામ. આપ પણ આપની આસપાસ કોઈ બિમાર અબોલ કે ભૂખથી પિડાતું પશુ જોવા મળે તો અવશ્ય યથાશક્તિ મદદરૂપ થશો અથવા આવા સેવાભાવી કાર્યો કરતી સંસ્થાઓની મુલાકાત લઈને યથાશક્તિ આર્થિક મદદ કરશો તો પણ એક પૂણ્યનું કાર્ય જ ગણાશે. કદાચ એ પણ સાચું તિર્થ જ હોય શકે.

# અમરેલી જિલ્લાનાં એસ. ટી. વિભાગમાં એપ્રેન્ટીસની ભરતી કરાશે

અમરેલી, તા.૫

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી વિભાગ ખાતે એપ્રેન્ટીસની મંજુરી સામે અમરેલી વિભાગ હેઠળનાં વિભાગીય યંત્રાલય, અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, રાજુલા, ઉના, કોડીનાર ડેપો ખાતે એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ અન્વયે ઓગષ્ટ / ઓકટોમ્બર–૨૦૨૩ના ભરતી સત્ર માટે એપ્રેન્ટીસની ખાલી જગ્યાઓ ભરવાની થાય છે.

મીકેનીક સાઈડનાં ટ્રેડોમાં ધોરણ ૧૦ પાસ ફરજીયાત તથા આઈ.ટી.આઈ.નાં ડીઝલ મીકેનીક / એમ.એમ.વી./ઈલેકટ્રીશ્યન / ટર્નર / વેલ્ડર ટ્રેડમાં આઈ.ટી.આઈ. પાસ તથા વહીવટી સાઈડે કોપા ટ્રેડમાં ધોરણ ૧૨ પાસ ફરજીયાત તેમજ કોપા ટ્રેડમાં આઈ.ટી.આઈ. પાસ ઉમેદવારોની એપ્રેન્ટીસ તરીકે ભરતી કરવાની થાય છે. જેના માટે તા.૧૭/૦૮/૨૦૨૩ થી તા.૦૪/૦૯/૨૦૨૩ સુધીમાં કચેરીનાં ચાલુ કામકાજના દિવસો દરમ્યાન અરજીપત્રક વિભાગીય કચેરી, લાઠી રોડ, અમરેલી ખાતેથી ફકત રૂબરૂમાં રૂા.૫ ની કિંમતે સમય ૧૧ થી ૧૪ કલાક સુધીમાં મેળવી લેવાનાં રહેશે તથા તા.૪/૯/૨૦૨૩ના રોજ સાંજનાં ૧૬ કલાક સુધી ભરાયેલ અરજીપત્રકો સ્વિકારવામાં આવશે, ત્યારબાદ અરજીપત્રકો સ્વિકારવામાં આવશે નહી. જેની તમામ ઉમેદવારોને નોંધ લેવી અને આ માટે વધુ માહિતી મેળવવા વિભાગીય નિયામકની કચેરી, લાઠી રોડ, અમરેલી ખોત રૂબરૂ સંપર્ક સાધવો.

વધુમાં સદર ભરતીમાં અરજી કરનાર ઈચ્છુક ઉમેદવારોએ દર્શાવેલ વેબસાઈટ https://www.apprenticeshipindia.gov.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત કરવાનું રહેશે. તેમજ રજીસ્ટ્રેશન પ્રોફાઈલમાં (૧) સ્કુલ લીવીંગ (S.L.C) પ્રમાણપત્ર તથા (૨) આધારકાર્ડ ડોકયુમેન્ટ (ફરજીયાત) અપલોડ કરવાનું રહેશે. જે ઉમેદવારો દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં નહી આવેલ હોય તેવા ઉમેદવારોના ફોર્મ રદ, કમી પાત્ર ગણાશે. જેની તમામે ખાસ નોંધ લેવી.

# સાવરકુંડલા મનોરોગી આશ્રમે ખાંભાની જે.એન. મહેતા હાઈસ્કૂલનાં ધોરણ ૯ નાં વિદ્યાર્થીઓ પ્રેકટીકલ પ્રવાસે



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા હાથસણી રોડ ઉપર આવેલ મનોરોગ્ય આશ્રમ માનવ મંદિર આવેલું છે. જયાં રખડતા ભટકતા નિરાધાર મનોરોગી બહેનોને ભકિત બાપુ દ્વારા વિનામૂલ્ય સારવાર આપી પુનઃજીવન પ્રાપ્ત કરવાનું પ્રયાસ કરાઈ રહ્યો છે.

હવે આ માનવ મંદિર અનેક લોકોના અભ્યાસનું કેન્દ્ર બનતું જાય છે. ત્યારે ખાંભા જેએન નેતા હાઈસ્કૂલનાં ધોરણ નવનાં વિદ્યાર્થી ભાઈ–બહેનો આ આશ્રમની મુલાકાતે આવ્યાં. તેમની સાથે આવેલ શિક્ષિકા બેને જણાવ્યું કે ધોરણ નવનાં ગુજરાતી પાઠયપુસ્તકમાં ઈર પેટલીકર લિખિત લોહીની સગાઈ આ પાઠ આવે છે. જેમાં દિવ્યાંગ લોકો સાથે વિદ્યાર્થીઓને ગેરસમજણ કે તિરસ્કાર ન પેદા થાય તે બાબતને સુંદર રીતે વણી લેવામાં આવી છે. પરંતુ જયાં સુધી શિક્ષકો દ્વારા ચાર દીવાલોનાં વર્ગખંડ સિવાય બહાર જઈ પ્રેકટીકલ અભ્યાસ કરાવે તો વિદ્યાર્થીઓમાં દિવ્યાંગો પ્રત્યે લાગણી અને પ્રેરણા જન્મે તે હેતુસર આ શિક્ષિકા બેનનાં પ્રયાસને માનવ મંદિરનાં ભકિત બાપુએ અભિનંદન આપ્યાં હતાં.

# અમરેલી જિલ્લા તથા તાલુકા કોર્ટોમાં તા. ૯/૯/૨૦૨૩ શનિવારના રોજ નેશનલ લોક અદાલત યોજાશે

અમરેલી, તા. ૫

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના આદેશ અનુસાર અત્રેના જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ એમ.જે. પરાશરના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત અમરેલી તેમજ જિલ્લાના દરેક તાલુકાની કોર્ટોમાં આગામી તા.૦૯/૦૯/૨૦૨૩ શનિવારના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં (૧) ક્રિમીનલ કમ્પાઉન્ડેબલ ઓફેન્સ, (૨) નેગોશીએબલ–૧૩૮, (૩) મની રીકવરી, (૪) એમએસીપી, (૫) મેટ્રોમોનીયલ ડિસપ્યુટ, (૬) લેબ ડિસપ્યુટ, (૭) લેન્ડ એકવીઝેશન કેસો, (૮) ઈલેકિટ્રસીટી અને વોટર બીલ્સ (નોન–કમ્પાઉન્ડેબલ) કેસો અને સર્વિસ મેટર રીલેટીંગ પે એન્ડ એલાઉન્સ, (૯) રેવન્યુ કેસો, (૧૦) અધર સિવિલ કેસોની નેશનલ લોક અદાલત યોજાશે તેમજ અમરેલી જિલ્લામાં નેશનલ લોક અદાલતમાં વધુમાં વધુ કેસોનો સમાધાનથી નિકાલ થાય તે માટે ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, અમરેલી તથા અમરેલી જિલ્લાના તમામ તાલુકા મથકે તા. ૦૯/૦૯/૨૦૨૩ શનિવારના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવશે. તેમાં જો કોઈ પક્ષકારો તેઓના કોર્ટમાં ચાલતા કેસો લોક અદાલતમાં મુકવા ઈચ્છતા હોય તો તેઓએ જિલ્લા કક્ષાએ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, એ.ડી.આર. સેન્ટર, જિલ્લા અદાલત, અમરેલી તથા તાલુકા કક્ષાએ તાલુકા કાનૂની સેવા સમીતી, સિવિલ કોર્ટમાં સંપર્ક કરવો. જિ. કા.સે.સ.મં., અમરેલીનો સંપર્ક નંબર ૦૨૭૯૨–૨૨૯૮૨૪ છે.

# અમરેલી નગર શિક્ષણ સમિતિમાં ફેરબદલીથી આવેલ શિક્ષકોને આવકારપત્ર એનાયત

















નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–અમરેલીની શાળાઓમાં જિલ્લા ફેરબદલીથી આવનાર ૩ર શિક્ષકોને નવનિયુકત આચર્યો અને સી.આર.સી.ઓને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તથા સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ અને અમરડેરીનાં વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ સંજયભાઈ રામાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–અમરેલીનાં ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન ડી.સી.ગોલ તથા શાસનાધિકારી એ.એચ. જોષી, ઉપપ્રમુખ પ્રતિનિધિ નરેશભાઈ મહેતા, કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, મહામંત્રી રાજુભાઈ માંગરોળીયા, ભરતભાઈ મકવાણા, સભ્ય હરીભાઈ કાબરીયા, સન્ની ડાબસરા, શિક્ષણ સમિતિનાં સદસ્ય નિકુબેન પંડયા, પરેશભાઈ દાફડા, નિખીલભાઈ આશર, દિવ્યેશભાઈ વેકરીયા તથા જિલ્લા યુવા ભાજપ મહામંત્રી મૌલિકભાઈ ઉપાધ્યાય ની ઉપસ્થિતિમાં આર્યભટ્ટ અંગ્રેજી માધ્યમ સ્માર્ટ સ્કૂલ–અમરેલી ખાતે આવકારપત્ર આપવામાં આવ્યા. તેમજ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાને જૂનાગઢ કૃષી યુનિવર્સીટી સંચાલક મંડળનાં સભ્ય બનવા બદલ તથા મુકેશભાઈ સંઘાણીને નિરાધાર વૃધ્ધો માટેનાં સારહી તપોવન આશ્રમ માટે સેવાકીય કાર્યો માટે અને ભરતભાઈ મકવાણાને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં સેનેટ સભ્ય બનવા બદલ શિક્ષણ સમિતિ દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં સભ્યો, પે–સેન્ટર આચાર્ય દિનેશભાઈ વ્યાસ, અર્ચનાબેન ભટ્ટ, હેમલતાબેન જાની, અલ્તાફભાઈ તેલી, સંદિપભાઈ વામજા, રજનીભાઈ સોલંકી, વિજયભાઈ મયાત્રા, અશ્વિનભાઈ ચાવડા, ધર્મેશભાઈ મકાણી, ભાવેશભાઈ વાળ ોદરાએ જહેમત ઉઠાવેલ. તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની યાદી જણાવે છે.

**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ** ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.

અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા "આયુષ્યમાન કાર્ડ" અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે


ડૉ. પ્રદિપ ધડુક
M.S.જનરલ સર્જન

અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે


ડૉ. કાજલ બગડા
M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)

- હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
- મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
- હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
- દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
- સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
- હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.

: નોંધ : બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે


### એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# લીલીયા મોટા : આંબા ગામની સીમમાં જુગાર-રમતા ૯ પત્તાપ્રેમીઓ ઝડપાયા

## રૂપિયા ૬૫,૩૦૦નો મુદ્દામાલ કબ્જે લેવાયો

અમરેલી, તા. ૫

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જુગારની ગરેકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી. તેમનાં ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમ લીલીયા તાલુકા વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે લીલીયા તાલુકાનાં આંબા ગામે કરાળ તરીકે ઓળખાતી સીમમાં મોબાઈલ ટોર્ચનાં અંજવાળે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા સોહરાબ સુલ્તાનભાઈ અબડા, રહે. લીલીયા



સહિત નવ ઈસમોને જુગાર રમતા રોકડા રૂા.૨૯,૮૦૦ તથા મોબાઈલ ફોન નંગ-૮ કિં.રૂા.૩૫,૫૦૦ મળી કુલ કિં.રૂા.૬૫.૩૦ નાં મુદામાલ સાથે પકડી પાડી, તથા બે ઈસમો રેઈડ દરમિયાન નાશી ગયેલા હોય, જે તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદામાલ લીલીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### બાબરા પંથકમાં ૪૦ હજાર બોટલ ઝડપાયા બાદ વધુ એક ગુન્હો નોંધાયો

# બગસરા શહેરમાં આવેલ પાનનાં ગલ્લામાંથી નશાકારક પીણાની ૩૨ બોટલ ઝડપાઈ

## આરોપી રવિ ગોહિલની ક્રાઈમ બ્રાન્ચે અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

બગસરા, તા. ૫

અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલસીબી ટીમ બગસરા ટાઉનમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, બગસરા ટાઉનમાં ભુતનાથ મંદિર પાસે આવેલ પાનના ગલ્લાં એક ઈસમ નશાકારક કેફીપીણાનો જથ્થો રાખી વેચાણ કરેલ છે. જે હકીકત આધારે એલસીબી ટીમ ધ્વારા રેઈડ દરમિયાન રવિ ગોહિલને નશાકારક કેફી પીણાની બોટલો સાથે પકડી પાડી, મળી આવેલ નશાયુકત બોટલોમાંથી એફએસએલ તથા ફૂડ



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

એન્ડ ડ્રગ્સ વિભાગનાઓની તપાસણી અર્થે સેમ્પર તરીકે લઈ, તમામ બોટલો કબ્જે કરી, પકડાયેલ ઈસમ તથા મુદામાલ આગળની કાર્યવાહી થવા બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. પટેલ તથા અમરેલી એલસીબીનાં એએસઆઈ યુવરાજસિંહ રાઠોડ, જીગ્નેશભાઈ અમરેલીયા તથા હેડ કોન્સ્ટેબલ આદિત્યભાઈ બાબરીયા ધ્વારા કરવામાં આવેલ છે.

**પકડાયેલ મુદ્દામાલ**


(૧) ARYURVEDIC PROPRIETARY MEDICINE GERGEM ASHV-ARISHATHA 400 ML Manufactured By, AMB PHARMA બનાવટની contains self generated alcohol not more than 11.0% v/v લખેલ કુલ બોટલો નંગ-૧ ૩૨ જેની કિંમત રૂા. ૧૯,૮૦૦

(૨) KAL MEGHASAVA ASAVA-ARISHATHA 400 ML Manufactured by, AMB PHARMA બનાવટની contains self generated alcohol not more than 11.0% v/v લખેલ કુલ બોટલ નંગ ૨૦૦ જેની કિંમત રૂા. ૩૦,૦૦૦ મળ કુલ બોટલ નંગ ૩૩૨ કુલ કિંમત રૂા. ૪૯,૮૦૦.

### ઉચ્ચ અધિકારીઓની નજર સામે ગંદકીનો માહોલ છતાં પણ સફાઈ થતી નથી

# ખાંભાની મામલતદાર કચેરીનાં ઉપલા માળે ગંદકીનાં માહોલથી જનતા જનાર્દન પરેશાન થાય છે

## સ્વચ્છતાં અભિયાનની ગુલબાંગો વચ્ચે વાસ્તવિકતા વિકરાળ



ખાંભા, તા.૫

ખાંભા તાલુકાના ૫૭ ગામના તાલુકા મથકે આવેલ મામલતદાર કચેરીમાં ગંદકીના ગંજ ખડકાયા છે જયારે આ કચેરીમાં રોજે તાલુકા ભરના અરજદારો પોતાની કામગીરી લઈને આવે છે ત્યારે મામલતદાર કચેરીમાં સ્વસ્થ આવતા અરજદારો બીમારી લઈને જતા હોઈ તેવો માહોલ હાલ કચેરીના પેહલા માળે જોવા મળી રહ્યો છે. પહેલા માળે અહીં આધારકાર્ડ અને દસ્તાવેજની કામગીરી થઈ રહી છે ત્યારે અહીં ગેલેરી માં જ ગંદકી જમા જોવા મળી રહી છે અહીં અધિકારી પસાર તો થાય

અનુસંધાન પાના ૬ ઉપર

### ચાલક રફીકભાઈ ગગનીયા વિરૂઘ્ધ ફરિયાદ

# ધારી એસ.ટી. ડેપોમાં બસનાં ચાલકે બેફામ ગતિએ બસ દોડાવી

## બસ સ્ટેન્ડની રેલિંગને કર્યુ નુકસાન

અમરેલી, તા. ૫

ધારી એસ.ટી. ડેપોમાં બસ ચાલક તરીકે ફરજ બજાવતા રફીકભાઈ પીરમહમદભાઈ ગગનીયા નામનાં બસ ચાલકે ગત તા. ૩ નાં રોજ બપોરનાં સમયે પોતાના હવાલાવાળી એસ.ટી. બસ નં. જી.જે.-૧૮ ઝેડ ૨૨૧૪ લઈ આવી અને ધારી ગામનાં એસ.ટી. બસ સ્ટેન્ડમાં પુરઝડપે ચલાવી બસ સ્ટેન્ડમાં આવેલ રેલીંગ તોડી નાખી પીલરને પણ નુકસાન કરી તથા એસ.ટી. બસનાં આગળનાં કાચ તોડી નાખી એસ.ટી. વિભાગને રૂા. ૬૫૦૦૦ જેટલું નુકસાન કર્યાની ફરિયાદ ધારી પોલીસમાં એસ.ટી. ડેપોનાં ટીસી મનુભાઈ વાળાએ નોંધાવી છે.

### બાબરા નજીક આવેલ

# ત્રંબોડા ગામે રાવણા ઉતારવા ઝાડ ઉપર ચડેલા આધેડનું પડી જતાં મોત

## અકસ્માતે ઝાડ ઉપરથી જમીન ઉપર પડતા બન્યો બનાવ

અમરેલી, તા. ૫

બાબરા તાલુકાનાં ત્રંબોડા ગામે રહેતા વિક્રમભાઈ કાનાભાઈ બોરીચા નામનાં ૫૩ વર્ષિય આધેડ ગત તા. ૬/૭ નાં રોજ સાંજે પોતાના ઘરે ફળીયામાં આવેલ રાવણાનાં ઝાડપ ઉપરથી રાવણા ઉતારવા માટે ઝાડ ઉપર ચડેલા હતા. ત્યારે અકસ્માતે ઝાડ ઉપર તેમના પગ લપસી જતાં તે નીચે જમીન ઉપર ફળીયામાં પડતા માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### હથિયાર સાથેનો ફોટો વાયરલ કરતા

# ઉના : સૈયદ રાજપરાના યુવક વિરૂઘ્ધ ગુન્હો નોંધાયો

## યુવકની અટકાયત કરાઈ

ઉના, તા. ૫

ઉનાના સૈયદ રાજપરા ગામે રહેતો અને મચ્છીનો વેપાર કરતો કાંતિ ઉકાભાઈ પરમાર નામનાં યુવકે પોતાનાં મોબાઈલમાં રિવોલ્વર સાથે ફોટા પાડી વાયરલ કરેલ હોય ત્યારે એસઓજી પોલીસની ટીમ સોશિયલ મીડિયામાં હથિયાર વાળા ફોટાઓ પોસ્ટ કરનાર તથા ગેરકાયદેસર હથિયાર રાખતા ઈસમોને શોધી કાઢવા કાર્યવાહી હાથ ધરી હતી તેવામાં એસ.ઓ.જી.ટીમનાં શાંતિલાલ સોલંકી કમલેશ પિઠીયા સહિતનાઓને આવ્યું હતુ કે કોઈ હથિયારનો પરવાનો કે લાયસન્સ ન હોવા છતાં કાંતિ પરમારે બદુક સાથેના ફોટાઓ પાડી વાયરલ



કર્યા છે.

જયારે ગીર સોમનાથ જિલ્લા એસ.ઓ.જી. ટીમે ફોટા વાયરલ કરનાર કાંતિ પરમારને ઉનાનાં ટાવર ચોક પાસેથી ઝડપી પાડી વાયરલ કરેલ ફોટાઓ બતાવતા પોલીસને પોતે

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી નજીક આવેલ

# બક્ષીપુર ગામે આડા સબંધનાં કારણે સામસામી મારામારી થતાં હાથ ભાંગી નાખ્યા

## પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી

અમરેલી, તા. ૫

અમરેલી તાલુકાનાં બક્ષીપુર ગામે રહેતા વિપુલભાઈ મધુભાઈ મકવાણા નામનાં ૩૨ વર્ષિયનાં પિતાએ તે જ ગામે રહેતા વિપુલભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### ઇ-એફઆઇઆરથી ગુન્હો નોંધાયા બાદ ક્રાઇમ બ્રાન્ચની કાગીરી

# અમરેલીના નાગનાથ બસ સ્ટેન્ડ વિસ્તારમાં મુસાફરોના ખીસ્સામાંથી મોબાઇલ ચોરી કરનાર શખ્સ ઝડપાયો

## પ્રતાપપરાના રોહિત પંસાળાની અટકાયત કરાઇ

અમરેલી, તા. ૫

અમરેલીમાં ઈ-એફઆઈઆર દ્વારા દાખલ મોબાઈલ ચોરીના ગુન્હામાં એક ઈસમને ચોરીના મોબાઈલ ફોન સાથે અમરેલી એલ.સી.બી. ટીમે ઝડપી લીધેલ છે.

વિગત એવા પ્રકારની છે કે ગત તા. ૫/૭ ના રોજ મોહનભાઈ શંભુભાઈ આંકોલીયા, રહે. અમરાપુર, સુરતથી અમરેલી બસમાં આવતા હોય અને અમરેલી, નાગનાથ બસ સ્ટેન્ડે બસમાંથી નીચે ઉતરતા તે વખતે કોઈ



અજાણ્યો ઈસમ ભીડનો લાભ લઈ ખીસ્સામાં રાખેલ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિં.રૂપિયા ૬૦૦૦નો ચોરી કરી લઈ ગયેલ હોય, જે અંગે મોહનભાઈ ઈ-એફઆઈઆર કરાવેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ અમરેલી જિલ્લામાં ઈ-એફઆઈઆર થી દાખલ થયેલ ગુન્હાઓના આરોપીઓને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઈલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા અમરેલી એલસીબી પોલીસ

અનુસંધાન પાના ૬ ઉપર





**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)